સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 21

[MAY - 2020]
[17/05/20 to 23/05/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES
## EXCLUSIVE CLASS 1/2

VOLUME 3

15 TO 31 MAY - 2020

ICE®

Click Here To
**DOWNLOAD**

CURRENT TOPICS

- ‘આત્મનિર્ભર ભારત અભિયાન’ અંતર્ગત ભારતમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-4 અને 5
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ દ્વારા પેટ્રોલ જહાજ ‘સચેત’ દેશને સમર્પિત
- ફેસબૂકના સહયોગથી ભારતમાં આદિવાસી યુવકોને ડિજિટલ કૌશલ્ય આપવા ‘ગોલ’ (GOAL) પ્રોગ્રામ લૉન્ચ
- COVID-19 વિરુદ્ધ જનજાગૃતિ માટે ગુજરાતમાં ‘હું પણ કોરોના વોરિયર’ અભિયાન લૉન્ચ
- ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે નિમણૂક
- સુપર સાયકલોનિક તોફાન ‘અમ્ફાન’ (Amphan)થી ભારતના પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વ્યાપક નુકસાન


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**17 MAY, 2020 SUNDAY**

➢ **દિવસ મહિમા : 17 મે,** (1) **વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ**
**અથવા**
**વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ**
**અથવા**
**વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ**
(2) **વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day)**

➢ **'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-4**



12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં **'આત્મનિર્ભર ભારત અભિયાન' (Self Reliant India Movement)** અંતર્ગત કુલ **રૂ. 20 લાખ કરોડ**ના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત 16 મે 2020ના રોજ ભારતના નાણા મંત્રી **સુશ્રી નિર્મલા સિતારામ**ને નીચે પ્રમાણેની મહત્ત્વની જાહેરાતો કરી હતી :

**ભારતમાં ઝડપથી રોકાણને આકર્ષવા નીતિગત સુધારા કરવામાં આવશે**

આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં ઝડપથી મૂડી રોકાણને આકર્ષી શકાય તે માટે નીતિગત સુધારા કરવામાં આવશે.

- આ અંતર્ગત ભારતમાં ઝડપથી મૂડી રોકાણને મંજૂરી આપવા **વિવિધ મંત્રાલયોના સચિવોની સમિતિ**ની અથવા તો **સચિવોના અધિકાર પ્રાપ્ત જૂથ (Empowered Group of Secretaries (EGoS)**ની રચના કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારના દરેક મંત્રાલયમાં **'પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ'** ઊભો કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ દ્વારા રોકાણ કરી શકાય એવા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવશે.
- આ ઉપરાંત આ સેલ રોકાણકારો અને કેન્દ્ર/રાજ્ય સરકારો વચ્ચે સંકલન પણ સ્થાપિત કરશે.
- ભારતમાં નવા રોકાણને આકર્ષવા માટે ભારતના વિવિધ રાજ્યો વચ્ચે સ્પર્ધાનું વાતાવરણ સર્જવામાં આવશે અને આ માટે **રાજ્યોને રેન્કિંગ** પણ આપવામાં આવશે.

- ભારતમાં **'ન્યૂ ચેમ્પિયન સેક્ટર્સ'** તરીકે ઓળખાતા નવા વિકસતા ક્ષેત્રો જેમ કે, **સોલાર પીવી ઉત્પાદન, અદ્યતન સેલ બેટરી સ્ટોરેજ** વગેરેને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહન યોજનાઓ શરૂ કરવામાં આવશે.

## ઔદ્યોગિક માળખાગત સુવિધાઓને અદ્યતન બનાવવામાં આવશે

ભારતમાં નવા મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા માટે **ઔદ્યોગિક માળખાગત સુવિધાઓને અદ્યતન** બનાવવામાં આવશે.

- આ અંતર્ગત **ઔદ્યોગિક વસાહતોને અદ્યતન** બનાવવા માટે રાજ્યો દ્વારા યુદ્ધના ધોરણે યોજના હાથ ધરવામાં આવશે.
- આ ઉપરાંત નવા રોકાણને પ્રોત્સાહન આપવા માટે **ઔદ્યોગિક જમીન/લેન્ડ બેન્ક** ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- તેમજ **Industrial Information System-IIS (ઔદ્યોગિક માહિતી વ્યવસ્થા) પર GIS મેપિંગ સાથે** આ જમીન/લેન્ડ બેન્કની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આવી રીતે Industrial Information System (IIS) પર મેપિંગ કરાયેલ **5 લાખ હેક્ટર** જમીનમાં **3376** ઔદ્યોગિક પાર્કો/વસાહતો/સેઝ સ્થાપિત કરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં **તમામ ઔદ્યોગિક પાર્કોને** વર્ષ **2020-21**માં **રેન્ક** આપવામાં આવશે.

## ભારતમાં વિકાસની નવી ક્ષિતિજો આંબવા આઠ ક્ષેત્રોમાં નીતિગત સુધારા કરાશે

ભારતમાં વિકાસની નવી ક્ષિતિજોને આંબવા માટે નાણા મંત્રી **સુશ્રી નિર્મલા સિતારામ**ને ભારતમાં **આઠ ક્ષેત્રો**માં **માળખાગત સુધારા**ઓ કરવાની જાહેરાત કરી છે.

- આ આઠ ક્ષેત્રોમાં **કોલસા, ખનીજ, સંરક્ષણ ઉત્પાદન, નાગરિક ઉડ્ડયન, વીજ ક્ષેત્ર, સામાજિક માળખાગત સુવિધા, અવકાશ અને પરમાણુ ઊર્જાનો** સમાવેશ થાય છે.
- આ ક્ષેત્રમાં કરવામાં આવનાર નીતિગત સુધારાઓ આ પ્રમાણે છે :

## (1) કોલસા ક્ષેત્રમાં થયેલા નીતિગત સુધારાઓ

ભારતમાં થતી **કોલસાની આયાત ઘટાડવા** માટે કોલસાના ઉત્પાદનમાં **સ્વનિર્ભરતા** વધારવામાં આવશે.

- સરકાર **કોલસા**ના ક્ષેત્રમાં પારદર્શકતા લાવવા અને તેને સ્પર્ધાત્મક બનાવવા તેમાં **ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી** આપશે.
- આ ઉપરાંત તેમાં નીચેના સુધારાઓ કરવામાં આવશે.

- ટનદીઠ નિશ્ચિત રૂપિયાની વ્યવસ્થાને બદલે આવકની વહેંચણીની વ્યવસ્થા અપનાવવામાં આવશે.
- કોલસાની ખાણ માટે ભારતમાં અગાઉ અંતિમ-વપરાશની માલિકી સાથે ફક્ત કેપ્ટિવ ઉપભોક્તા જ બિડ કરી શકતા હતા. હવે કોલસાના બ્લૉક માટે કોઈપણ પક્ષ બિડ કરી શકે છે અને ખુલ્લાં બજારમાં એનું વેચાણ પણ કરી શકે છે.
- આ અંતર્ગત આશરે 50 ખાણોની હરાજી તાત્કાલિક ધોરણે થશે.
- આ હરાજીમાં ભાગ લેવા માટે લાયકાતની કોઈ જ શરત રાખવામાં આવી નથી. માત્ર ટોચમર્યાદા સાથે આગોતરી ચૂકવણી જ કરવાની રહેશે.
- સંપૂર્ણપણે ઉત્ખનન થયેલી કોલસાની ખાણોની સાથે હવે આંશિક રીતે ઉત્ખનન થયેલી ખાણોની પણ હરાજી કરવામાં આવશે.
- કોલસાના ઉત્ખનનમાં ખાનગી કંપનીને ભાગીદાર બનવાની મંજૂરી આપવામાં આવશે.
- જો નિયત સમય અગાઉ કોલસાનું ઉત્પાદન શરૂ થશે તો આવક વહેંચણીમાં રિબેટ આપીને પ્રોત્સાહન આપવામાં આવશે.
- પર્યાવરણને થતું નુકસાન ઘટાડવા કોલસાનાં ગેસિફિકેશન અને પ્રવાહીકરણને પોત્સાહન આપવામાં આવશે.
- જેનાથી ભારતને ગેસ-આધારિત અર્થતંત્ર તરફ ઝડપથી વાળવામાં મદદ મળશે.
- કોલસા ક્ષેત્રમાં રૂ. 50,000 કરોડનું રોકાણ કરીને તેનો માળખાગત વિકાસ કરવામાં આવશે.
- વર્ષ 2023-24 સુધીમાં ભારતમાં કોલસાનું 1 અબજ ટનનું ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.
- આ ઉપરાંત ભારતમાં ખાનગી ખાણોમાંથી કોલસાનું ઉત્પાદન કરવામાં આવશે.
- કોલસાની ખાણોમાંથી રેલવેની સાઈડિંગ્સ સુધી કોલસાના હસ્તાંતરણની વ્યવસ્થા કરવા રૂ. 18,000 કરોડનું રોકાણ કરવામાં આવશે.
- કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL)ની કોલસાની ખાણોમાંથી કોલ બેડ મિથેનના નિષ્કર્ષણના અધિકારોની હરાજી થશે.
- ખાણ યોજનાનું સરળીકરણ કરી તેને ટૂંકી અને ઓનલાઈન લોડિંગ કરવા માટે અનુકૂળ બનાવવામાં આવશે.
- કોલસાના વાર્ષિક ઉત્પાદનમાં ઓટોમેટિક 40 ટકા વધારાની મંજૂરી આપવામાં આવશે.
- CILના ગ્રાહકોને વાણિજિયક શરતોમાં રૂ. 5000 કરોડની રાહત આપવામાં આવશે.
- આ ઉપરાંત બિનઊર્જા ઉપભોકતાઓ માટે હરાજીમાં અનામત કિંમત ઘટાડવામાં આવશે. ધિરાણની શરતો સરળ બનાવવામાં આવશે. અને વીજળી મેળવવાનો સમયગાળો વધારવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ખાણ અથવા તો ખનીજ સેકટરમાં નીતિ વિષયક સુધારા

ભારતમાં **ખાણ ક્ષેત્રમાં વૃદ્ધિને વેગ આપવા, રોજગારીની તકોનું વધારે સર્જન** કરવા તથા ખાસ કરીને **ઉત્ખનનમાં અદ્યતન ટેક્નોલોજી લાવવા** માટે માળખાગત સુધારાઓ કરવામાં આવશે. આ માટે નીચેના પગલાં લેવામાં આવશે :

- સાતત્યપૂર્ણ **સંપૂર્ણ ઉત્ખનન-કમ-ખાણકામ-કમ-ઉત્પાદન** વ્યવસ્થા પ્રસ્તુત કરવામાં આવશે.
- **ખનીજ** સેકટરમાં **પ્રાઈવેટ મૂડીરોકાણ** વધારવામાં આવશે.
- જાહેર અને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા **500 ખાણો** ઓફર કરવામાં આવશે.
- **એલ્યુમિનિયમ** ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા **બોકસાઈટ અને કોલસા**ની ખાણોની **સંયુકત હરાજી** કરવામાં આવશે.
- એનાથી એલ્યુમિનિયમ ઉદ્યોગને વીજળીનો ખર્ચ ઘટાડવામાં મદદ મળશે.
- ખાણકામ અને તેના ઉત્પાદનમાં કાર્યદક્ષતા વધારવા માટે **કેપ્ટિવ અને નોન-કેપ્ટિવ ખાણો** વચ્ચેનો ફરક દૂર કરવામાં આવશે.
- તેનાથી વધારાની, વપરાશ ન થયેલી ખનિજોનું વેચાણ પણ કરી શકાશે.
- ખાણ મંત્રાલય દ્વારા વિવિધ ખનિજો માટે **મિનરલ ઈન્ડેક્સ (ખનિજ સૂચકાંક)** વિકસાવવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.
- આ ઉપરાંત ખાણ ભાડાપટ્ટે આપવા ચુકવવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીને પણ તર્કબદ્ધ બનાવવામાં આવશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સંરક્ષણ ઉત્પાદનમાં સ્વનિર્ભરતા વધારવામાં આવશે

ભારતમાં **સંરક્ષણ** ઉત્પાદનમાં **સ્વનિર્ભરતા** વધારવા માટે **'મેક ઈન ઈન્ડિયા' અભિયાન**ને પ્રોત્સાહન આપવામાં આવશે.

- આ અંતર્ગત વર્ષ મુજબ સમયરેખા સાથે **શસ્ત્રોની આયાત પર પ્રતિબંધ** મૂકવામાં આવશે. અને આ માટે શસ્ત્રો/પ્લેટફોર્મની યાદી જાહેર કરવામાં આવશે.
- **આયાતી સ્પેર પાર્ટ્સનું સ્વદેશીકરણ** કરવામાં આવશે.
- સંરક્ષણ ક્ષેત્રે સ્થાનિક સ્તરે મૂડી મેળવવા માટે **અલગથી બજેટ**ની જોગવાઈ કરવામાં આવશે.
- જેનાથી ભારતમાં સંરક્ષણ ક્ષેત્રની આયાતમાં થતા ખર્ચમાં મોટો ઘટાડો થશે.
- શસ્ત્રોના પુરવઠામાં કાર્યદક્ષતા વધારવા માટે **'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'નું કોર્પોરેટાઈઝેશન** કરવામાં આવશે.
- જેથી તેની સ્વાયત્તતા, જવાબદારી અને કાર્યક્ષમતામાં વધારો થશે.

- ભારતમાં **સંરક્ષણ** ક્ષેત્રે કરવામાં આવેલા મહત્ત્વના નીતિગત સુધારા અંતર્ગત – ભારતમાં હવે **ઓટોમેટિક રુટ** હેઠળ **સંરક્ષણ ઉત્પાદન**માં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ની મર્યાદા **49 ટકાથી** વધારીને **74 ટકા** કરવામાં આવશે.
- ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં **ખરીદીની પ્રક્રિયાને સમયબદ્ધ** કરવામાં આવશે.
- ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે થયેલા કરાર કે સમજૂતીઓના મેનેજમેન્ટમાં મદદ મળી રહે તે માટે **'પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ'**ની સ્થાપના કરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં શસ્ત્રોના પ્રયોગ અને પરીક્ષણની પ્રક્રિયામાં પણ ધરમૂળથી પરિવર્તન કરવામાં આવશે.

## (4) નાગરિક ઉડ્ડયન સેક્ટરમાં નીતિ વિષયક સુધારા

ભારતમાં **એવિએશન** અથવા તો **નાગરિક ઉડ્ડયન સેક્ટર**માં પણ નીચે પ્રમાણેના સુધારાઓ કરવામાં આવશે :

- ભારતમાં નાગરિક ઉડ્ડયન માટે **કાર્યક્ષમ એરસ્પેસ મેનેજમેન્ટ**થી ફ્લાઈંગ કોસ્ટમાં **રૂ. 1000 કરોડ**નો ઘટાડો કરવામાં આવશે.
- આ માટે ભારતીય એરસ્પેસના ઉપયોગ પરના નિયંત્રણો હળવા બનાવવામાં આવશે.
- જેનાથી ઉડ્ડયન ક્ષેત્રને દર વર્ષે આશરે **રૂ. 100 કરોડનો** કુલ લાભ થશે.
- ભારતમાં હાલ ભારતની કુલ એરસ્પેસમાંથી ફક્ત **60 ટકા** એરસ્પેસ જ નિઃશુલ્ક ઉપલબ્ધ છે.
- જોકે, હવે તેના અસરકારક ઉપયોગથી ઈંધણ અને સમયની બચત થશે અને તેને પરિણામે પર્યાવરણ પર પણ તેની સકારાત્મક અસર થશે.
- **એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)** દ્વારા **ત્રણ તબક્કા**માં કુલ **18 એરપોર્ટ** સરકારી ખાનગી ભાગીદારી (PPP) અંતર્ગત **ખાનગી કંપની**ને જાળવણી માટે કોન્ટ્રાકટ પર આપવામાં આવશે.
- જેમાંથી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા **પ્રથમ તબક્કા**માં **6માંથી 3 એરપોર્ટ** કોન્ટ્રાકટ પર આપવામાં આવ્યા છે.
- **બીજા રાઉન્ડ** માટે પણ **વધુ 6 એરપોર્ટ**ની ઓળખ કરવામાં આવી છે. અને એના બિડની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવશે.
- પહેલા અને બીજા રાઉન્ડમાં **12 એરપોર્ટ**માં ખાનગી કંપનીઓ દ્વારા આશરે **રૂ. 13,000 કરોડ**નું રોકાણ થવાની સંભાવના છે.
- બિડિંગના **ત્રીજા તબક્કા**માં અન્ય **6 એરપોર્ટ** જાળવણી માટે ખાનગી કંપનીને સોંપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતને વિમાનના **મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (MRO)** માટેનું **આંતરરાષ્ટ્રીય કેન્દ્ર** બનાવવામાં આવશે.
- આ માટે ભારતમાં કરવેરાની વ્યવસ્થાને તર્કબદ્ધ બનાવવામાં આવી છે.
- દુનિયાના મુખ્ય એન્જિન ઉત્પાદકો આગામી વર્ષોમાં ભારતમાં એન્જિન રિપેર સુવિધાઓ સ્થાપિત કરશે.
- પરિણામે ભારતમાં વિમાનના ઘટકોનું રિપેરિંગ અને એરફ્રેમની જાળવણી **ત્રણ વર્ષ**માં **રૂ. 800 કરોડ**થી વધીને **રૂ. 2000 કરોડ** થશે.
- આ ઉપરાંત ભારતમાં **સંરક્ષણ ક્ષેત્ર અને સિવિલ MRO** વચ્ચે સમન્વય સાધવામાં આવશે.
- પરિણામે વિમાનો માટે જાળવણીનો ખર્ચ ઘટશે.

**નોંધ :** (1) પ્રથમ રાઉન્ડમાં **6 એરપોર્ટ**ની વાર્ષિક આવક **રૂ. 1000 કરોડ** રહેશે. જે પહેલાં **રૂ. 540 કરોડ** હતી.

(2) અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)ને પણ **રૂ. 2300 કરોડ**નું ડાઉન પેમેન્ટ પણ મળશે.

## (5) વીજ દરની નીતિમાં સુધારો

ભારતમાં વીજ ક્ષેત્રને કાર્યક્ષમ બનાવવા માટે તેમાં નીચે પ્રમાણેના સુધારાઓ કરવામાં આવશે :

### ગ્રાહકોના અધિકાર અંગેના સુધારાઓ

1. વીજ વિતરણ કંપનીઓની બિનકાર્યક્ષમતાનું ભારણ ગ્રાહકોએ ન વેઠવું પડે તે અંગે સુધારાઓ કરવામાં આવશે.
2. વીજ વિતરણ કંપનીઓ માટે **સર્વિસના માપદંડ** અને એને **સંલગ્ન દંડની** જોગવાઈ કરવામાં આવશે.
3. વીજ વિતરણ કંપનીઓએ પર્યાપ્ત વીજળી ઉપલબ્ધ કરાવવાની રહેશે. અને વીજકાપ બદલ તેમને **દંડ** કરવામાં આવશે.

### ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેના સુધારાઓ

1. ભારતમાં વીજ ક્ષેત્રે ક્રોસ સબસિડીમાં સતત ઘટાડો કરવામાં આવશે.
2. ખુલ્લી ઉપલબ્ધતા માટે સમયમર્યાદા સાથે સહાય અથવા તો ગ્રાન્ટ આપવામાં આવશે.
3. જનરેશન અને ટ્રાન્સમિશન પ્રોજેક્ટ ડેવલપર્સની પસંદગી સ્પર્ધાત્મક ધોરણે થશે.

## વીજ ક્ષેત્રની ટકાઉક્ષમતા અંગેના સુધારાઓ

1. કોઈ નિયમનકારી (Regulatory) અસેટ્સ નહિ રખાય.
2. જનરેશન કંપનીઓને સમયસર ચૂકવણી કરવામાં આવશે.
3. સબસિડી આપવા માટે <u>ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર</u> તેમજ <u>સ્માર્ટ પ્રિપેઈડ મીટર</u>ની વ્યવસ્થા કરવામાં આવશે.

## કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજ વિતરણનું ખાનગીકરણ

ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજ વિતરણ અને પુરવઠાની કામગીરી નબળી છે.

- આથી ભારતમાં <u>કેન્દ્રશાસિત પ્રદેશો</u>માં <u>વીજ વિભાગો અને વીજ કંપનીઓનું ખાનગીકરણ</u> કરવામાં આવશે.
- જેનાથી ત્યાં ગ્રાહકોને સારી સેવા મળશે અને વિતરણની કામગીરી અને નાણાકીય ક્ષમતામાં સુધારો થશે.
- આ ઉપરાંત તેના દ્વારા દેશભરની અન્ય કંપનીઓને ઉમદા મોડેલ પૂરું પડાશે.

## (6) સામાજિક માળખાગત સુવિધાઓમાં સુધારાઓ

ભારતમાં <u>રૂ. 8100 કરોડની વાયાબિલિટી ગેપ ફંડિંગ યોજના (Viability Gap Funding Scheme)</u> દ્વારા સામાજિક માળખાકીય સુવિધાઓમાં ખાનગી રોકાણને વેગ આપવામાં આવશે.

- જેનાથી ભારતમાં સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટો ઝડપથી પૂરા થશે.
- આ માટે <u>VGF યોજના</u> અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ટોટલ પ્રોજેક્ટ કોસ્ટના <u>20 ટકા</u>ની જગ્યાએ <u>30 ટકા</u> સુધી સહાય આપવામાં આવશે.
- જ્યારે અન્ય ક્ષેત્રો માટે VGF યોજના અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકાર <u>20-20 ટકા</u> ટેકો આપવાનું ચાલુ રાખશે.
- VGF યોજના અંતર્ગત કુલ <u>રૂ. 8100 કરોડ</u>નો ખર્ચ થશે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના મંત્રાલયો દ્વારા સૂચિત પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

## (7) અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે

ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રના ખૂબ જ ઝડપી વિકાસ માટે હવે અંતરિક્ષ ક્ષેત્ર સાથે સંબંધિત કામગીરીમાં <u>ખાનગી ક્ષેત્રની ભાગીદારી</u>ને પ્રોત્સાહન આપવામાં આવશે.

- આ અંતર્ગત ભારતમાં ઉપગ્રહો, પ્રક્ષેપણ અને અંતરિક્ષ આધારિત સેવાઓમાં સ્પર્ધાનું વાતાવરણ સર્જવા ખાનગી કંપનીઓને સમાન તકો આપવામાં આવશે.

- અંતરિક્ષમાં સંશોધન, અંતરિક્ષમાં પ્રવાસ વગેરે જેવા ભારતના ભવિષ્યના પ્રોજેક્ટોમાં **ખાનગી કંપનીઓ** ભાગીદાર થઈ શકશે.
- આ ઉપરાંત ભારતમાં ખાનગી કંપનીઓને પોતાની ક્ષમતા વધારવા માટે **ઈસરો**ની સુવિધાઓ અને અન્ય સંબંધિત એકમોનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે.
- **ટેક-ઉદ્યોગ સાહસિકો**ને રિમોટ સેન્સિંગ ડેટા ઉપલબ્ધ કરાવવા **Liberal Geo-Spatial Data Policy (ઉદાર ભૂ-અવકાશી ડેટા નીતિ)** બનાવવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા **યોગ્ય નીતિ અને રેગ્યુલેટરી વાતાવરણ** ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## (8) પરમાણુ ઊર્જા સંબંધિત સુધારા

ભારતમાં **તબીબી આઈસોટોપનું** ઉત્પાદન કરવા માટે સરકારી ખાનગી ભાગીદારી (Public Private Partnership-PPP) દ્વારા **રિસર્ચ રિએક્ટર**ની સ્થાપના કરવામાં આવશે.

- જેનાથી **કેન્સર અને અન્ય રોગો** માટે વાજબી સારવાર દ્વારા માનવજાતની સેવાની ભાવનાને પ્રોત્સાહન મળશે.
- ભારતમાં **ખાદ્ય ચીજવસ્તુઓ**ને જાળવવા માટે **ઈરેડિયેશન ટેક્નોલોજી**નો ઉપયોગ કરવા **PPP મોડેલ** અંતર્ગત સુવિધાઓ સ્થાપવામાં આવશે.
- જેનાથી ભારતમાં કૃષિ ક્ષેત્રમાં સુધારામાં મદદ થશે અને તેનાથી ખેડૂતોને સહાયતા મળશે.
- ભારતની મજબૂત **સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ**ને પરમાણુ રિએક્ટર સાથે જોડવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં સંશોધન સુવિધાઓ અને ટેક–ઉદ્યોગસાહસિકો વચ્ચે વધારે સમન્વય સ્થાપિત કરવા **ટેક્નોલોજી ડેવલપમેન્ટ કમ ઈન્ક્યુબેશન સેન્ટર**ની સ્થાપના કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ' અથવા તો 'વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે **(C)**

2. 'વિશ્વ હાઈપર ટેન્શન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે **(C)**

3. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં ઝડપથી મૂડી રોકાણને મંજૂરી આપવા કયા જૂથની રચના કરવામાં આવશે ?
(A) કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓના અધિકાર પ્રાપ્ત જૂથની
(B) રાજ્યોના મુખ્યમંત્રીઓના અધિકાર પ્રાપ્ત જૂથની
(C) રાજ્યોના નાણામંત્રીઓના અધિકાર પ્રાપ્ત જૂથની
(D) વિવિધ મંત્રાલયોના સચિવોના અધિકાર પ્રાપ્ત જૂથની
(D)

4. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં ઝડપથી મૂડી રોકાણને મંજૂરી આપવા કેન્દ્ર સરકારના દરેક મંત્રાલયમાં કયા સેલની રચના કરવામાં આવશે ?
(A) પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ (B) પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેલ
(C) ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ સેલ (D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

5. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં ઝડપથી મૂડી રોકાણને મંજૂરી આપવા કેન્દ્ર સરકાર દ્વારા કયા નામથી ઓળખાતા સોલાર પીવી ઉત્પાદન અને અદ્યતન સેલ બેટરી સ્ટોરેજ વગેરે જેવા નવા વિકસતા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહન યોજનાઓ શરૂ કરવામાં આવશે ?
(A) ન્યૂ ગેઈન સેક્ટર્સ (B) ન્યૂ ચેમ્પિયન સેક્ટર્સ
(C) ન્યૂ વિનિંગ સેક્ટર્સ (D) ન્યૂ ઈમર્જ સેક્ટર્સ
(B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં નવા મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા માટે કઈ સુવિધાઓને અદ્યતન બનાવવામાં આવશે ?
(A) ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ (B) કૃષિ સંલગ્ન માળખાગત સુવિધાઓ
(C) A અને B બન્ને (D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

7. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત વિકાસની નવી ક્ષિતિજોને આંબવા ભારતમાં કુલ કેટલા ક્ષેત્રોમાં માળખાગત સુધારાઓ કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 6 (B) 8 (C) 10 (D) 12
(B)

8. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત વિકાસની નવી ક્ષિતિજોને આંબવા માટે ભારતમાં કુલ આઠ ક્ષેત્રોમાં માળખાગત સુધારાઓ કરવાની જાહેરાત કરવામાં આવી છે... આ આઠ ક્ષેત્રોમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?
(A) કૃષિ (B) ખનીજ (C) વીજળી (D) કોલસા
(A)

9. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કોલસા ક્ષેત્રમાં કરવામાં આવનાર નીતિગત સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. કોલસાના ક્ષેત્રમાં પારદર્શકતા લાવવા માટે તેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી આપવામાં આવશે.
2. કોલસાની ખાણ માટે હવે કોઈપણ પક્ષ બિડ કરી શકશે અને ખુલ્લા બજારમાં તેનું વેચાણ પણ કરી શકશે.
3. સંપૂર્ણપણે ઉત્ખનન થયેલી કોલસાની ખાણોની સાથે હવે આંશિક રીતે ઉત્ખનન થયેલી ખાણોની પણ હરાજી કરવામાં આવશે.
4. કોલસા ક્ષેત્રમાં રૂ. 50,000 કરોડનું રોકાણ કરીને તેનો માળખાગત વિકાસ કરવામાં આવશે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(A)**

---

10. વર્ષ 2023-24 સુધીમાં ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા ટન કોલસાના ઉત્પાદનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ?

(A) 1 અબજ ટન (B) 2 અબજ ટન (C) 3 અબજ ટન (D) 5 અબજ ટન **(A)**

---

11. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કોલસાના વાર્ષિક ઉત્પાદનમાં ઓટોમેટિક કેટલા ટકાની વધારાની મંજૂરી આપવામાં આવશે ?

(A) 20 ટકા (B) 30 ટકા (C) 40 ટકા (D) 50 ટકા **(C)**

---

12. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં ખાણ અથવા તો ખનીજ સેકટરમાં કરવામાં આવનાર નીતિગત સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ખનીજ સેકટરમાં પ્રાઈવેટ મૂડીરોકાણ વધારવામાં આવશે.
2. એલ્યુમિનિયમ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા બોકસાઈટ અને કોલસાની ખાણોની સંયુકત હરાજી કરવામાં આવશે.
3. ખાણકામ અને તેના ઉત્પાદનમાં કાર્યદક્ષતા વધારવા માટે કેપ્ટિવ અને નોન–કેપ્ટિવ ખાણો વચ્ચેનો ફરક દૂર કરવામાં આવશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા મહત્ત્વના નીતિગત સુધારા અંતર્ગત ભારતમાં હવે ઓટોમેટિક રુટ હેઠળ સંરક્ષણ ઉત્પાદનમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ની મર્યાદા વધારીને કેટલા ટકા કરવામાં આવી છે ?

(A) 59 ટકા (B) 64 ટકા (C) 70 ટકા (D) 74 ટકા **(D)**

14. ભારતમાં સંરક્ષણ ઉત્પાદનમાં ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ની મર્યાદા કેટલા ટકાથી વધારીને 74 ટકા કરવામાં આવી છે ?

(A) 45 ટકા (B) 49 ટકા (C) 50 ટકા (D) 52 ટકા **(B)**

15. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં કરવામાં આવનાર સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં નાગરિક ઉડ્ડયન માટે કાર્યક્ષમ એરસ્પેસ મેનેજમેન્ટથી ફ્લાઈંગ કોસ્ટમાં રૂ. 1000 કરોડનો ઘટાડો કરવામાં આવશે.
2. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા ત્રણ તબક્કામાં કુલ 18 એરપોર્ટ PPP મોડલ અંતર્ગત ખાનગી કંપનીને સંચાલન માટે આપવામાં આવશે.
3. ભારતને વિમાનના મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (MRO) માટેનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવામાં આવશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં વીજ ક્ષેત્રમાં કરવામાં આવનાર સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં વીજ વિતરણ કંપનીઓ માટે સર્વિસના માપદંડ અને એને સંલગ્ન દંડની જોગવાઈ કરવામાં આવશે.
2. વીજ વિતરણ કંપનીઓએ પર્યાપ્ત વીજળી ઉપલબ્ધ કરાવવાની રહેશે. અને વીજ કાપ બદલ તેમને દંડ પણ કરવામાં આવશે.
3. વીજ ક્ષેત્રે સબસિડી આપવા માટે ડાયરેકટ બેન્ક ટ્રાન્સફરની વ્યવસ્થા કરવામાં આવશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

17. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતના કયા રાજ્યો અથવા તો પ્રદેશોમાં વીજ વિભાગો અને વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવશે ?

(A) પૂર્વોત્તરના રાજ્યો (B) હિમાલયન રાજ્યો
(C) આદિજાતિ બહુમતિ ધરાવતા રાજ્યો (D) કેન્દ્રશાસિત પ્રદેશો **(D)**

18. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં સામાજિક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા 'વાયાબિલિટી ગેપ ફંડિંગ યોજના' અંતર્ગત પ્રોજેક્ટ કોસ્ટના કેટલા ટકા સુધીની સહાય આપવામાં આવશે ?

(A) 20 ટકા (B) 30 ટકા (C) 40 ટકા (D) 50 ટકા **(B)**

19. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં કરવામાં આવનાર સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે.
2. ભારતમાં ખાનગી કંપનીઓને ઈસરોની સુવિધાઓનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે.
3. ટેક–ઉદ્યોગ સાહસિકોને રિમોટ સેન્સિંગ ડેટા ઉપલબ્ધ કરાવવા Liberal Geo-Spatial Data Policy બનાવવામાં આવશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

20. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં પરમાણુ ઊર્જા સંબંધિત કરવામાં આવનાર સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં તબીબી આઈસોટોપનું ઉત્પાદન કરવા સરકારી ખાનગી ભાગીદારી દ્વારા રિસર્ચ રિએક્ટરની સ્થાપના કરવામાં આવશે.
2. ભારતમાં ખાદ્ય ચીજવસ્તુઓને જાળવવા માટે ઈરેડિયેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા PPP મોડલ અંતર્ગત સુવિધાઓ સ્થાપવામાં આવશે.
3. ભારતમાં સંશોધન સુવિધાઓ અને ટેક–ઉદ્યોગસાહસિકો વચ્ચે સમન્વય સાધવા ટેક્નોલોજી ડેવલપમેન્ટ કમ ઈન્કયુબેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18 MAY, 2020 MONDAY**

➢ **દિવસ મહિમા : 18 મે,**
**(1) આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)**
**(2) વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day)**
**અથવા**
**HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awareness Day)**

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>18 મે</u>ના રોજ <u>**'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'**</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંગ્રહાલય અથવા તો મ્યુઝિયમના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા <u>1983</u>માં <u>18 મે</u>ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' (International Museum Day)ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- જોકે, એ અગાઉ <u>**International Council of Museums (ICOM)**</u> દ્વારા <u>1977</u>થી જ આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ <u>2020</u>ની 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ <u>**'Museum for Equality : Diversity and Inclusion' (સમાનતા માટે સંગ્રહાલય : વિવિધતા અને સમાવેશ)**</u> છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત ભારતમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-5**

12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન <u>**શ્રી નરેન્દ્રભાઈ મોદી**</u>એ કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં <u>**'આત્મનિર્ભર ભારત અભિયાન' (Self Reliant India Movement)**</u> અંતર્ગત કુલ <u>**રૂ. 20 લાખ કરોડ**</u>ના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત 17 મે 2020ના રોજ ભારતના નાણા મંત્રી <u>**સુશ્રી નિર્મલા સિતારામને**</u> નીચે પ્રમાણેની મહત્ત્વની જાહેરાત કરી હતી :

## (1) રોજગારીને પ્રોત્સાહન આપવા મનરેગા માટે ફાળવણીમાં રૂ. 40,000 કરોડનો વધારો

કોરોના મહામારી દરમિયાન ભારતમાં રોજગારીને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે **મનરેગા યોજના** અંતર્ગત ફાળવણીમાં **રૂ. 40,000 કરોડ**નો વધારો કર્યો છે.

- સરકારના આ નિર્ણયથી આશરે કુલ 300 કરોડ માનવદિવસની નવી રોજગારીનું સર્જન થશે.
- જેમાં વતન પરત ફરેલા પરપ્રાંતીય કામદારો સહિત લાયકાત ધરાવતા લોકો માટે કામ પૂરું પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.
- જેનાથી ઊંચી ઉત્પાદકતા દ્વારા ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન મળશે.

## (2) આરોગ્યલક્ષી સુધારા અને પહેલો

ભારતમાં જાહેર આરોગ્ય ક્ષેત્રમાં રોકાણમાં વધારો કરવા માટે આરોગ્ય અંગે **સરકારી ખર્ચમાં વધારો** કરવામાં આવશે.

- જેનાથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સંખ્યામાં વધારો થશે.
- ભવિષ્યમાં કોઈપણ રોગચાળાને પહોંચી વળવા માટે ભારતને સજ્જ કરવામાં આવશે.
- આ અંતર્ગત **ભારતના તમામ જિલ્લાઓમાં** ચેપી રોગોની હોસ્પિટલો બનાવવામાં આવશે.
- જિલ્લા અને તાલુકા સ્તરે **સરકારી પ્રયોગશાળાઓ** અને **જાહેર આરોગ્ય એકમો**ની સ્થાપના કરવામાં આવશે.
- ICMR (Indian Council of Medical Research) દ્વારા વન હેલ્થ માટે તૈયાર કરાયેલા **રાષ્ટ્રીય સંસ્થાકીય પ્લેટફોર્મ**ના કારણે ભારતમાં આરોગ્ય ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન મળશે.
- આ ઉપરાંત, **રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન** અંતર્ગત **રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય બ્લ્યુપ્રિન્ટ**નો પણ અમલ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## (3) COVID-19 પછી ટેક્નોલોજી સહાયથી શિક્ષણ

કોરોના મહામારી બાદ ભારતમાં વિવિધ માધ્યમો દ્વારા ઓનલાઈન તથા ડિજિટલ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે **PM e VIDYA કાર્યક્રમ**નો પ્રારંભ કરવામાં આવશે.

## PM e VIDYA

**PM e VIDYA** (પીએમ ઈ વિદ્યા) કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

- ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં **દીક્ષા યોજના** અંતર્ગત તમામ ધોરણો માટે **ઈ-કન્ટેન્ટ અને ક્યુઆર કોડ સાથેના પાઠ્યપુસ્તકો** ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- જેમાં **વન નેશન, વન ડિજિટલ પ્લેટફોર્મ**નો સિદ્ધાંત અપનાવવામાં આવશે.
- **ધોરણ 1થી 12** માટે દરેક ધોરણ માટે **એક-એક ટીવી ચેનલ** શરૂ કરવામાં આવશે.
- જેમાં **'વન ક્લાસ, વન ચેનલ'** (એક વર્ગ માટે 1 ચેનલ)નો સિદ્ધાંત અપનાવવામાં આવશે.
- ભારતમાં શિક્ષણ આપવા માટે રેડિયો, કોમ્યુનિટી રેડિયો, પોડકાસ્ટનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.
- પ્રજ્ઞાચક્ષુ તથા બધિર દિવ્યાંગો માટે વિશેષ ઈ–કન્ટેન્ટ તૈયાર કરવામાં આવશે.
- દેશની ટોચની **100 યુનિવર્સિટીઓને** ભારતમાં **30 મે 2020**થી **ઓનલાઈન અભ્યાસક્રમો** શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## મનોદર્પણ

પીએમ ઈ વિદ્યા કાર્યક્રમ ઉપરાંત ભારતમાં **'મનોદર્પણ'** નામની એક પહેલ પણ શરૂ કરવામાં આવશે.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થી, શિક્ષક અને પરિવારોને માનસિક તંદુરસ્તી અને ભાવનાત્મક સંતુલન માટે મનોવૈજ્ઞાનિક સપોર્ટ કરવાનો છે.

## નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ

વૈશ્વિક અને 21મી સદીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણ માટે ભારતમાં શિક્ષણ ક્ષેત્રે **નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ** શરૂ કરવામાં આવશે.

- અને આ માટે ભારતની શાળાઓ, બાલમંદિર અને શિક્ષકો માટે આંતરરાષ્ટ્રીય અને 21મી સદીની જરૂરિયાતો સાથે સંકળાયેલી કુશળતા માટેનું શિક્ષણ પદ્ધતિઓનું માળખું તૈયાર કરવામાં આવશે.

## નેશનલ ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યૂમરસી મિશન

ભારતમાં બાળકને પાયાથી જ શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે **'નેશનલ ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યૂમરસી મિશન'**નો **ડિસેમ્બર 2020**થી પ્રારંભ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મિશન અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ધોરણ 5માં દરેક વિદ્યાર્થી અભ્યાસમાં સક્ષમ બને તે માટે તેમજ તેમને શ્રેષ્ઠ પરિણામ આપે તેવા બનાવવા પ્રયાસ કરવામાં આવશે.

## (4) IBC સંબંધિત પગલાં દ્વારા વેપાર વાણિજયને વધુ સરળ બનાવવામાં આવશે

IBC અથવા તો Insolvency and Bank-ruptcy Code, 2016 અંતર્ગત ભારતમાં નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટે લઘુત્તમ રકમ રૂ. 1 લાખથી વધારીને હવે રૂ. 1 કરોડ કરવામાં આવી છે.

- જેનાથી ભારતમાં મોટાભાગના MSME એકમોને રાહત થશે તેમજ તેમને રક્ષણ મળશે.
- ઈનસોલ્વન્સી, બેન્કરપ્સી કોડની કલમ 240એ અંતર્ગત MSME માટે ઈન્સોલ્વન્સીના સમાધાન માટે વિશેષ વ્યવસ્થાની જાહેરાત કરાશે.
- કોરોના મહામારીની પ્રક્રિયાઓ 1 વર્ષ સુધી શરૂ કરવામાં આવશે નહિ.
- નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટે IBC અંતર્ગત ડિફોલ્ટની વ્યાખ્યામાંથી COVID-19 સંલગ્ન દેવાને બાદ કરવા માટે કેન્દ્ર સરકારને અધિકાર આપવામાં આવ્યો છે.

## (5) કંપની એકટમાં રહેલી કેટલીક અપરાધિક જોગવાઈઓની બાદબાકી

ભારતમાં કંપનીઓને રાહત આપવા માટે ટેક્નિકલ અને પ્રક્રિયાને કારણે થયેલી નાની ભૂલોને સાંકળતા કંપની એકટના ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી હટાવવામાં આવ્યા છે.

- આથી, ભારતમાં હવે CSR રિપોર્ટિંગમાં ખામી, બોર્ડ રિપોર્ટમાં અપૂરતી માહિતી, ફાઈલિંગમાં રહેલી ખામી, AGMના આયોજનમાં વિલંબ હવે ગુનો ગણાશે નહિ.
- આ સુધારાને કારણે ફોજદારી અદાલતો અને NCLTમાં અવરોધો ઘટશે.
- કંપનીઓને લગતા 7 માંડવાળ પાત્ર ગુનાઓને એક સાથે પડતા મૂકવામાં આવ્યા છે. અને 5 ગુનાઓની કામગીરી વૈકલ્પિક માળખા અંતર્ગત કરવામાં આવશે.

## (6) કોર્પોરેટ માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ

ભારતમાં કોર્પોરેટ માટે વેપાર વાણિજય સરળ બનાવવા માટે મુખ્યત્વે નીચેના સુધારાઓ કરવામાં આવશે :

- વિદેશી ન્યાય અધિકાર ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓને સિક્યુરિટીઝના ડાયરેકટ લિસ્ટિંગની પરવાનગી અપાશે.
- શેર બજારોમાં નોન કન્વર્ટિબલ ડિબેન્ચર લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણવામાં આવશે નહિ.
- કંપની એકટ 1956ની કલમ 9Aનો કંપની એકટ 2013માં સમાવેશ.
- NCLAT (National Company Law Appellate Tribunal)ને વધારાની વિશેષ બેન્ચ રચવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત ભારતમાં હવે નાની કંપનીઓ, વન પર્સન કંપની, પ્રોડ્યુસર કંપની અને સ્ટાર્ટ અપને તમામ ભૂલો માટે નજીવી પેનલ્ટી કરવામાં આવશે.

## (7) નવા, સ્વનિર્ભર ભારતના નિર્માણ માટે જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે નવી નીતિ તૈયાર કરાશે

વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવા, સ્વનિર્ભર ભારતના નિર્માણ માટે ભારતમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે નવી નીતિ તૈયાર કરવામાં આવશે. આ નવી નીતિ અથવા તો પોલિસીમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવશે :

- જાહેર હિતમાં સરકારી કંપનીઓની હાજરી જરૂરી છે તેવા **વ્યૂહાત્મક સેક્ટરોની યાદી** જાહેર કરાશે.
- વ્યૂહાત્મક સેક્ટરોમાં **ઓછામાં ઓછી એક સરકારી કંપની** રહેશે પરંતુ પ્રાઈવેટ કંપનીઓને પણ પરવાનગી આપવામાં આવશે.
- વ્યૂહાત્મક સિવાયના **અન્ય સેક્ટરોમાં** કામ કરતી ભારતની સરકારી કંપનીઓનું **ખાનગીકરણ** કરવામાં આવશે.
- નિરર્થક સરકારી ખર્ચા ઘટાડવા **વ્યૂહાત્મક** સેક્ટરોમાં પણ ભારતમાં **1થી 4 સરકારી કંપનીઓ** જ રખાશે, અન્ય સરકારી કંપનીઓનું ખાનગીકરણ, મર્જર અથવા તો હોલ્ડિંગ કંપનીઓમાં વિલિનીકરણ કરવામાં આવશે.

## (8) રાજ્ય સરકારોને સહાય

COVID-19ની વર્તમાન સ્થિતિને કારણે ભારતમાં જ્યારે રાજ્ય સરકારોની આવકમાં ઘટાડો થયો છે ત્યારે રાજ્ય સરકારોને સહાય આપવા માટે કેન્દ્ર સરકારે આ પ્રમાણેના નિર્ણયો કર્યા છે :

- COVID-19ની મહામારી સામે લડવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા **રૂ. 4,113 કરોડ**ની સીધી સહાય.
- કેન્દ્ર સરકારની વિનંતીથી RBI દ્વારા રાજ્યોની ધિરાણ મર્યાદાની પદ્ધતિઓ અને માધ્યમોમાં **60 ટકા** સુધીનો વધારો કરવામાં આવ્યો છે.
- રાજ્યોની સતત ઓવરડ્રાફટની મર્યાદા **14 દિવસ**થી વધારીને **21 દિવસ** કરવામાં આવી છે.
- કોઈપણ ત્રિમાસિક ગાળામાં રાજ્યો હવે **32 દિવસ**ને બદલે **50 દિવસ** સુધી ઓવરડ્રાફટ લઈ શકશે.
- અભૂતપૂર્વ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતમાં કેન્દ્ર સરકારે વિવિધ રાજ્યો માટે ધિરાણ લેવાની મર્યાદા GSDPના **3 ટકા**થી વધારીને **5 ટકા** કરી છે.
- જોકે, આ મર્યાદા ફક્ત વર્ષ **2020-21** માટે જ લાગુ રહેશે.
- સરકારના આ નિર્ણયથી રાજ્યોને **રૂ. 4.28 લાખ કરોડ**ના વધારાના સંસાધનો ઉપલબ્ધ થશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) GSDPનું પૂરું નામ Gross State Domestic Product છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત 17 મે 2020 સુધીમાં કુલ રૂ. 20.97 લાખ કરોડ અથવા તો 20,97,053 કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

(3) રૂ. 20.97 લાખ કરોડના આ પેકેજમાં નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને પાંચ ભાગમાં કરેલી જાહેરાતો ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત કરવામાં આવેલી જાહેરાતો અને આ અગાઉ RBI દ્વારા આ અંગે કરવામાં આવેલી જાહેરાતોનો સમાવેશ થાય છે.

### "આત્મનિર્ભર ભારત પેકેજ" અંતર્ગત ફાળવવામાં આવેલી કુલ રકમ

| ક્રમ | જાહેરાત | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | પાંચ ભાગમાં કરવામાં આવેલી જાહેરાત | 11,02,650 |
| 2 | પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત જાહેરાત | 01,92,800 |
| 3 | RBI દ્વારા કરવામાં આવેલી જાહેરાત | 08,01,603 |
| | કુલ | 20,97,053 |

ICE COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' અથવા તો 'International Museum Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

2. વર્ષ 2020ના 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ શું છે ?
(A) Museums for a Sustainable Society
(B) Museum for Equality : Diversity and Inclusion
(C) Museums as Cultural Hubs : The Future of Tradition
(D) Musuems and Cultural Landscapes **(B)**

3. 'વિશ્વ એઈડ્સ રસી દિવસ' અથવા તો 'HIV રસી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

4. 'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત ભારતમાં રોજગારીને પ્રોત્સાહન આપવા માટે મનરેગા યોજના અંતર્ગત ફાળવણીમાં કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 20,000 કરોડ (B) રૂ. 30,000 કરોડ
(C) રૂ. 40,000 કરોડ (D) રૂ. 50,000 કરોડ **(C)**

5. 'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત ભારતમાં આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવનાર સુધારાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં જાહેર આરોગ્ય ક્ષેત્રમાં રોકાણ વધારવા સરકારી ખર્ચમાં વધારો કરવામાં આવશે.
2. ભારતના તમામ જિલ્લાઓમાં ચેપી રોગની હોસ્પિટલો બનાવવામાં આવશે.
3. રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન અંતર્ગત રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય બ્લ્યુપ્રિન્ટનો અમલ કરવામાં આવશે.
(A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2 **(A)**

6. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કોરોના મહામારી બાદ ઓનલાઈન અને ડિજિટલ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે ?
(A) PM e Education (B) PM e Darpan
(C) PM e Vidya (D) PM e Gyan **(C)**

7. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારોની માનસિક તંદુરસ્તી અને ભાવનાત્મક સંતુલન માટે કઈ પહેલ શરૂ કરવામાં આવશે ?
(A) મનોમુકુર (B) મનોજગત
(C) મનોનિયંત્રણ (D) મનોદર્પણ **(D)**

8. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત લોન્ચ કરવામાં આવનાર 'નેશનલ ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યૂમરસી મિશન' અંતર્ગત કયાં સુધીમાં ભારતમાં ધોરણ 5માં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસમાં સક્ષમ બનાવવામાં આવશે ?
(A) 2022 (B) 2024 (C) 2025 (D) 2030 **(C)**

9. IBC અથવા તો Insolvency and Bankruptcy Code 2016 અંતર્ગત ભારતમાં નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટે લઘુત્તમ રકમ રૂ. 1 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) રૂ. 10 લાખ (B) રૂ. 50 લાખ (C) રૂ. 1 કરોડ (D) રૂ. 2 કરોડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે કરેલા નિર્ણય અનુસાર ભારતમાં નવી નાદારીની પ્રક્રિયાઓ કયાં સુધી શરૂ કરવામાં આવશે નહિ ?
(A) 6 મહિના (B) 1 વર્ષ (C) 2 વર્ષ (D) 3 વર્ષ **(B)**

11. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કોર્પોરેટ માટે વેપાર વાણિજય સરળ બનાવવા માટે કઈ કંપની દ્વારા થયેલી તમામ ભૂલો માટે નજીવી પેનલ્ટી કરવામાં આવશે ?
(A) નાની કંપનીઓ (B) વન પર્સન કંપનીઓ
(C) પ્રોડ્યુસર કંપની અને સ્ટાર્ટ અપ (D) ઉપરોક્ત તમામ **(D)**

12. 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે ઘડવામાં આવનાર નવી નીતિના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં વ્યૂહાત્મક સેકટરમાં ઓછામાં ઓછી 1 સરકારી કંપની રાખવામાં આવશે. અને એ ક્ષેત્રમાં પ્રાઈવેટ કંપનીઓને પણ પરવાનગી આપવામાં આવશે.
2. વ્યૂહાત્મક સિવાયના અન્ય સેકટરોમાં કામ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવશે.
3. નિરર્થક ખર્ચ ઘટાડવા વ્યૂહાત્મક ક્ષેત્રમાં પણ 1થી 4 જ સરકારી કંપનીઓ રખાશે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

13. COVID-19 મહામારીને કારણે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોની સતત ઓવરડ્રાફટની મર્યાદા 14 દિવસથી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) 20 દિવસ (B) 21 દિવસ (C) 25 દિવસ (D) 28 દિવસ **(B)**

14. COVID-19 મહામારીને કારણે ભારતમાં કેન્દ્ર સરકારે વિવિધ રાજ્યો માટે ધિરાણ લેવાની મર્યાદા GSDPના 3 ટકાથી વધારીને કેટલા ટકા કરી છે ?
(A) 4 ટકા (B) 5 ટકા
(C) 6 ટકા (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

15. COVID-19 મહામારીને કારણે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષ માટે રાજ્યોની ધિરાણ લેવાની મર્યાદા GSDPના 3 ટકાથી વધારીને 5 ટકા કરવામાં આવી છે ?
(A) 2020-21 (B) 2021-22
(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

16. 17 મે 2020 સુધીમાં 'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?
(A) રૂ. 18.97 લાખ કરોડ (B) રૂ. 19.97 લાખ કરોડ
(C) રૂ. 20.97 લાખ કરોડ (D) રૂ. 21.97 લાખ કરોડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 19 MAY, 2020 TUESDAY

## ➤ કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતમાં 'ડિફેન્સ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના'ને મંજૂરી



ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં રૂ. 400 કરોડની 'ડિફેન્સ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના (Defence Testing Infrastructure Scheme-DTIS)ની મંજૂરી આપવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઘરેલું અને સ્પેસ ટેક્નોલોજીમાં ડિફેન્સ સેક્ટર ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.
- આ માટે ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે આ યોજના અંતર્ગત રૂ. 400 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### આ યોજનાની વિશેષતા

આ યોજનાની મુદત 5 વર્ષની રહેશે.

- આ યોજના અંતર્ગત ખાનગી ભાગીદારી દ્વારા 6 થી 8 નવી Test Facilities સ્થાપવામાં આવશે.
- આ યોજનાના કુલ ખર્ચમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 75 ટકા રહેશે. જ્યારે બાકીનો 25 ટકા ખર્ચ Special Purpose Vehicle (SPV) અંતર્ગત ભારતની ખાનગી કંપનીઓ તથા રાજ્ય સરકારોનો રહેશે.
- આ યોજના અંતર્ગત પરીક્ષણ કરવામાં આવનાર ઉપકરણો અને સિસ્ટમોને માન્યતા આપવા માટે પ્રમાણિત કરવામાં આવશે.

**નોંધ :** (1) કેન્દ્ર સરકારની આ યોજના દ્વારા સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન મળશે. જેથી શસ્ત્ર સરંજામની આયાતમાં ઘટાડો થશે.

(2) પરિણામે કેન્દ્ર સરકારના 'આત્મનિર્ભર ભારત અભિયાન' અને 'મેક ઈન ઈન્ડિયા' પ્રોગ્રામને મદદ થશે.

## ➤ 'સંસ્કૃતિ પર્વ' મેગેઝિનના વિશેષાંકનું ઈ લોકાર્પણ

ભારતમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી 'સંસ્કૃતિ પર્વ' મેગેઝિનના વિશેષાંકનું ઈ લોકાર્પણ કર્યું છે.

- આ વિશેષાંકનું શીર્ષક 'ભારત 1946-2020, નોઆખલી થી દિલ્હી સુધી' (India 1946-2020 From Noakhali to Delhi) છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 'સંસ્કૃતિ પર્વ'ના આ વિશેષાંકમાં શ્રી મદન મોહન માલવીયજીનું અંતિમ વક્તવ્ય પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.
- આ વક્તવ્ય આ અગાઉ 1946માં 'કલ્યાણ' વિશેષાંકમાં છાપવામાં આવ્યું હતું. જેને હવે ફરીથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) 'સંસ્કૃતિ પર્વ' મેગેઝિનનું પ્રકાશન છેલ્લા બે વર્ષોથી થાય છે.

(2) 'સંસ્કૃતિ પર્વ' મેગેઝિનનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ, દર્શન, અધ્યાત્મ અને સાહિત્યને ઉજાગર કરવાનો છે.

## ➤ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ દ્વારા પેટ્રોલ જહાજ 'સચેત' દેશને સમર્પિત



મે, 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતીય કોસ્ટ ગાર્ડનું પેટ્રોલ જહાજ 'સચેત' રાષ્ટ્રને સમર્પિત કર્યું છે.

- સ્વદેશી બનાવટના આ જહાજની ડિઝાઈન તથા તેનું નિર્માણ 'ગોવા શિપયાર્ડ લિમિટેડ' દ્વારા કરવામાં આવ્યું છે.
- આ જહાજ અદ્યતન નૌવહન ટેક્નોલોજી અને સંદેશાવ્યવહાર ઉપકરણોથી સજ્જ છે.
- ભારતીય તટ રક્ષક જહાજ 'સચેત' એ પાંચ Offshore Petrol Vesselsની શ્રેણીમાંનું પ્રથમ જહાજ છે.
- આ જહાજ ઝડપી શોધ અને બચાવ કામગીરી માટે ડબલ એન્જિનવાળું એક હેલિકોપ્ટર અને 4 હાઈ સ્પીડ બોટ લઈ જવા માટે સક્ષમ છે.
- તે સમુદ્રમાં તેલ ફેલાવાને કારણે થતાં પ્રદૂષણને નાથવા માટે 'મર્યાદિત પ્રદૂષણ વિરોધી ઉપકરણો' લઈ જવા માટે પણ સક્ષમ છે.
- 'સચેત'ની મહત્તમ સ્પીડ 26 નોટિકલ માઈલ સુધીની છે.

INSTITUTE FOR CO

## Interceptor Boats C-450 અને C-451

ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે** પેટ્રોલિંગ જહાજ **'સચેત'** ઉપરાંત **બે ઈન્ટરસેપ્ટર બોટ C-450 અને C-451** પણ રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

- 30 મીટર લાંબી આ બોટોની મહત્તમ સ્પીડ **45 નોટિકલ માઈલ** સુધીની છે.
- આ સ્વદેશી બોટ અદ્યતન નૌવહન ટેકનોલોજી તથા સંચાર ઉપકરણોથી સજ્જ છે.
- આ બોટોનું નિર્માણ ભારતમાં ગુજરાતના **હજીરા** ખાતે આવેલા **'લાર્સન એન્ડ ટુબ્રો શિપયાર્ડ'** દ્વારા કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ભારતીય તટ રક્ષક દળ (Coast Guard) વિશ્વનું **ચોથા નંબરનું** સૌથી મોટું તટ રક્ષક દળ છે.

(2) ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે નવી દિલ્હી** ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી **ગોવા** ખાતે રહેલ ICGS SACHET અને બે ઈન્ટરસેપ્ટર બોટનું જલાવતરણ કરાવ્યું હતું.

(3) 'ICGS Sachet'નું પૂરું નામ **Indian Coast Guard Ship Sachet** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા મંજૂર કરવામાં આવેલી 'ડિફેન્સ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. આ યોજનાની મુદત 5 વર્ષની રહેશે.
   2. ઘરેલુ ડિફેન્સ સેક્ટર અને સ્પેસ ટેક્નોલોજીમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ યોજના અંતર્ગત રૂ. 400 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
   3. આ યોજના અંતર્ગત ખાનગી ભાગીદારીથી 6 થી 8 નવી Test Facilities સ્થાપવામાં આવશે.

   (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3 **(A)**

2. મે 2020 દરમિયાન ભારતના ગૃહ મંત્રી શ્રી અમિત શાહે 'ભારત 1946-2020, નોઆખલી થી દિલ્હી સુધી' શીર્ષકથી કયા મેગેઝિનના વિશેષાંકનું ઈ લોકાર્પણ કર્યું હતું ?

   (A) સંસ્કૃતિ (B) સંસ્કૃતિ સાધના
   (C) સંસ્કૃતિ પર્વ (D) સંસ્કૃતિ રક્ષા **(C)**

3. મે 2020 દરમિયાન ભારતના ગૃહ મંત્રી શ્રી અમિત શાહે 'સંસ્કૃતિ પર્વ' મેગેઝિનના વિશેષાંકનું ઈ લોકાર્પણ કર્યું છે...આ વિશેષાંકમાં કોનું અંતિમ વક્તવ્ય પ્રકાશિત કરવામાં આવ્યું છે ?
(A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી સ્વામી વિવેકાનંદ
(C) શ્રી સરદાર પટેલ (D) શ્રી મદન મોહન માલવીય **(D)**

4. મે 2020 દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતીય કોસ્ટ ગાર્ડનું કયું જહાજ રાષ્ટ્રને સમર્પિત કર્યું છે ?
(A) ચેતક (B) સચેત (C) સૂચક (D) સંકેત **(B)**

5. મે 2020 દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'સચેત' નામનું જહાજ લોન્ચ કર્યું છે...આ જહાજ કયા પ્રકારનું છે ?
(A) Container Ships (B) Tanker Ships
(C) Roll-on Roll-off Ships (D) Offshore Petrol Vessels Ships **(D)**

6. મે 2020 દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'સચેત' નામનું પેટ્રોલ જહાજ લોન્ચ કર્યું છે...આ જહાજનું નિર્માણ કયાં કરવામાં આવ્યું છે ?
(A) લાર્સન એન્ડ ટુબ્રો શિપયાર્ડ, હજીરા (B) ગોવા શિપયાર્ડ લિમિટેડ, ગોવા
(C) મઝગાંવ ડોક લિમિટેડ, મુંબઈ (D) કોચિન શિપયાર્ડ લિમિટેડ, કોચિન **(B)**

7. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે મે 2020 દરમિયાન ભારતમાં કઈ બે ઈન્ટરસેપ્ટર બોટોનું જલાવતરણ કરાવ્યું છે ?
(A) A-450 અને A-451 (B) B-450 અને B-451
(C) C-450 અને C-451 (D) D-450 અને D-451 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

## 20 MAY, 2020 WEDNESDAY

➤ **દિવસ મહિમા : 20 મે,** (1) **વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)**
(2) **વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)**

➤ **ફેસબૂકના સહયોગથી ભારતમાં આદિવાસી યુવકોને ડિજિટલ કૌશલ્ય આપવા 'ગોલ' (GOAL) પ્રોગ્રામ લોન્ચ**

કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી **શ્રી અર્જુન મુંડા**એ મે, 2020 દરમિયાન ભારતમાં **'ગોલ' (GOAL) કાર્યક્રમ** લોન્ચ કર્યો છે.

- શ્રી અર્જુન મુંડાએ **નવી દિલ્હી**માં યોજાયેલા એક **વેબિનાર**માં આ કાર્યક્રમ લોન્ચ કર્યો હતો.

- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં **<u>આદિવાસી યુવકોને ડિજિટલ કૌશલ્ય</u>** આપવાનો છે.

### આ કાર્યક્રમની વિશેષતા

આ કાર્યક્રમ અંતર્ગત **<u>5000</u>** જેટલા યુવા આદિજાતિ ઉદ્યમીઓ, વ્યાવસાયિકો, કારીગરો અને કલાકારોને ડિજિટલ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ અંતર્ગત ડિજિટલ કૌશલ્ય માટે તાલીમ આપવામાં આવશે.

- ભારતમાં **<u>ફેસબૂક</u>**ના સહયોગથી કેન્દ્ર સરકારના **<u>આદિજાતિ બાબતોના મંત્રાલય</u>** દ્વારા આ પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો છે.
- **<u>GOAL</u>** પ્રોગ્રામનું પૂરું નામ **<u>"Going Online As Leaders"</u>** છે.

**નોંધ :** આ અગાઉ વર્ષ **<u>2019</u>**માં **<u>ફેસબૂક</u>** દ્વારા પ્રાયોગિક ધોરણે ભારતના **<u>5 રાજ્યો</u>**માં આ પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો.

## ➢ ભારતમાં 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના ચાર વર્ષ પૂર્ણ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **<u>2016</u>**માં શરૂ કરવામાં આવેલી **<u>'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'</u>**ના ચાર વર્ષ પૂરા થઈ ગયા છે.

- આ યોજના અંતર્ગત ભારતમાં **<u>8 કરોડથી વધુ</u>** પરિવારોને લાભ આપવામાં આવ્યો છે.
- ભારતમાં **<u>BPL (Below Poverty Line)</u>** અથવા તો **<u>ગરીબી રેખા નીચે જીવતા</u>** પરિવારોની **<u>મહિલાઓ</u>**ને **<u>મફત LPG કનેક્શન</u>** ઉપલબ્ધ કરાવવા માટે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં વડાપ્રધાનની અધ્યક્ષતા વાળી કેન્દ્રીય કેબિનેટની આર્થિક બાબતો અંગેની સમિતિ દ્વારા **<u>10 માર્ચ, 2016</u>**ના રોજ આ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યાર બાદ ભારતના વડાપ્રધાન **<u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>**એ **<u>1 મે, 2016</u>**ના રોજ **<u>ઉત્તરપ્રદેશ</u>**ના **<u>બલિયા</u>** ખાતેથી આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.
- આ યોજના અંતર્ગત નવું LPG કનેક્શન ઉપલબ્ધ કરાવવા માટે **<u>રૂ. 1600</u>**ની રોકડ સહાય આપવામાં આવે છે.
- આ સહાય **<u>કેન્દ્ર સરકાર</u>** દ્વારા આપવામાં આવે છે.
- આ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લાભાર્થીઓના ખાતામાં રૂ. 8432 કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## ➤ NDMA દ્વારા ભારતમાં ઓનલાઈન ડેશબોર્ડ 'National Migrant Information System' લોન્ચ

રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (National Disaster Management Authority- NDMA) દ્વારા ભારતમાં 'National Migrant Information System' (NMIS) નામના ઓનલાઈન ડેશબોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં COVID-19 મહામારી દરમિયાન પ્રવાસી શ્રમિકોના સ્થળાંતરમાં મદદ મળી રહે તે માટે આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ ઓનલાઈન પોર્ટલ દ્વારા પ્રવાસી શ્રમિકો વિશે માહિતી એકત્ર કરવામાં આવશે.
- અને આ માહિતીની મદદથી આંતરરાજ્ય સંકલન સાધીને પ્રવાસી શ્રમિકોને તેમના મૂળ સ્થાન સુધી પહોંચાડવા માટેની વ્યવસ્થા કરવામાં સહાયતા થશે.

### ICE Questions

1. 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(C)**

2. 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(C)**

3. ભારતમાં આદિવાસી અથવા તો આદિજાતિ યુવકોને ડિજિટલ કૌશલ્ય આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કયો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) ટ્રાઈબલ ઈન્ડિયા (B) ડિજિટલ ટ્રાઈબલ (C) ટાર્ગેટ (D) ગોલ **(D)**

4. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા તાજેતરમાં ગોલ (GOAL) કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) માનવ સંસાધન વિકાસ
(B) સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટ્રપ્રિન્યોરશિપ
(C) આદિજાતિ બાબતો
(D) ગ્રામીણ વિકાસ **(C)**

5. ભારતમાં આદિજાતિ યુવકોને ડિજિટલ કૌશલ્ય આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કોના સહયોગથી 'ગોલ' કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) ગૂગલ (B) ફેસબૂક (C) વોટ્સએપ (D) ટ્વિટર **(B)**

6. ભારતમાં આદિજાતિ યુવકોને ડિજિટલ કૌશલ્ય આપવા માટે લોન્ચ કરવામાં આવેલા 'GOAL' પ્રોગ્રામનું પૂરું નામ શું છે ?
(A) Going Online As Leaders (B) Go Online As Leaders
(C) Goes Online As Leaders (D) Gone Online As Leaders **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. ભારતમાં કોને ડિજિટલ કૌશલ્ય આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ફેસબૂકના સહયોગથી 'ગોલ' કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) ગ્રામીણ મહિલાઓ (B) ગ્રામીણ શ્રમિકો
(C) પ્રવાસી શ્રમિકો (D) આદિજાતિ યુવકો **(D)**

8. મે 2020 દરમિયાન ભારતમાં 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(B)**

9. ભારતમાં 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'નો પ્રારંભ કયારથી થયો હતો ?
(A) 1 મે, 2016 (B) 10 મે, 2016 (C) 11 મે, 2016 (D) 20 મે, 2016 **(A)**

10. ભારતમાં 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'નો પ્રારંભ કયાંથી થયો હતો ?
(A) રાંચી, ઝારખંડ (B) ભોપાલ, મધ્યપ્રદેશ
(C) બલિયા, ઉત્તરપ્રદેશ (D) પટના, બિહાર **(C)**

11. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' અંતર્ગત ભારતમાં LPG કનેકશન ઉપલબ્ધ કરાવવા માટે લાભાર્થીને કેટલા રૂપિયાની રોકડ સહાય આપવામાં આવે છે ?
(A) રૂ. 1200 (B) રૂ. 1400
(C) રૂ. 1600 (D) રૂ. 1800 **(C)**

12. COVID-19 મહામારી દરમિયાન ભારતમાં પ્રવાસી શ્રમિકોના સ્થળાંતરમાં મદદ મળી રહે તે માટે 'નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી' (NDMA) દ્વારા કયું ઓનલાઈન ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (NMIS)
(B) નેશનલ માઈગ્રન્ટ ડેટા પોર્ટલ (NMDP)
(C) નેશનલ માઈગ્રન્ટ ડેટા સિસ્ટમ (NMDS)
(D) નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોર્મેશન પોર્ટલ (NMIP) **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 21 MAY, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : 21 મે,**
(1) **આતંકવાદ વિરોધી દિન** (Anti Terrorism Day)
(2) **આંતરરાષ્ટ્રીય ચા દિવસ** (International Tea Day)
(3) **સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ** (World Day for Cultural Diversity for Dialogue and Development)

## આતંકવાદ વિરોધી દિન

ભારતમાં દર વર્ષે **21** મેના રોજ **'આતંકવાદ અથવા તો ત્રાસવાદ વિરોધી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.




- **21 મે, 1991**ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન **શ્રી રાજીવ ગાંધી**ની **તમિલનાડુ**ના **શ્રીપેરુમ્બુદુર** ખાતે હત્યા કરવામાં આવી હતી.
- આથી, આ ઘટનાને કારણે આતંકવાદના વિરોધમાં ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત શ્રી વી. પી. સિંહની સરકારે આતંકવાદના વિરોધમાં જાગૃતિ લાવવા માટે ભારતમાં 21 મેના રોજ 'આતંકવાદ વિરોધી દિન'ની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

## પ્રથમ આંતરરાષ્ટ્રીય ચા દિવસ


યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે **21 મે**ના રોજ **'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ **2020**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- આ અંતર્ગત વર્ષ **2020**માં યુનાઈટેડ નેશન્સ દ્વારા **પ્રથમ** વખત 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા **21 ડિસેમ્બર, 2019**ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ COVID-19 વિરુદ્ધ જનજાગૃતિ માટે ગુજરાતમાં 'હું પણ કોરોના વોરિયર' અભિયાન લોન્ચ

20 મે 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાતમાં **'હું પણ કોરોના વોરિયર' (Even I am a Corona Warrior) અભિયાન** લોન્ચ કર્યું છે.




- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ COVID-19નો સામનો કરવા માટે ગુજરાતના લોકોમાં જનજાગૃતિ કેળવવાનો છે.
- ગુજરાતમાં **21 મેથી 27 મે 2020** દરમિયાન એમ કુલ **સાત દિવસ** સુધી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

## અભિયાન અંતર્ગત ત્રણ સંકલ્પ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અભિયાન અંતર્ગત ગુજરાતના લોકોને ત્રણ સંકલ્પ લેવા માટે અનુરોધ કર્યો હતો.

- આ ત્રણ સંકલ્પો આ પ્રમાણે છે :

**(1) હું મારા વડીલ-વયસ્ક વૃદ્ધોને તેમજ બાળકોને ઘરની બહાર નહિ નીકળવા દઉં.**

**(2) હું માસ્કનો અવશ્ય ઉપયોગ કરીશ અને કામ વગર ઘરની બહાર નહિ નીકળું.**

**(3) હું દો ગજની દૂરી-સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીશ.**

## અભિયાન અંતર્ગત કાર્યક્રમો

આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિવિધ કાર્યક્રમોની જાહેરાત કરી હતી. જે આ પ્રમાણે છે :

- 22 મે 2020ના રોજ **સેલ્ફી વીથ દાદા-દાદી**
- 24 મે 2020ના રોજ માસ્કના સુરક્ષા કવચ સાથે **સેલ્ફી વીથ માસ્ક**
- અને આ ઉપરાંત **આરોગ્ય સેતુ એપ** ડાઉનલોડ કરવાના નવતર પ્રયોગો પણ આ અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવશે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અભિયાન અંતર્ગત ગુજરાતના નાગરિકો **'#હું પણ કોરોના વોરિયર'** સાથે સોશિયલ મીડિયા પર પોતાની સેલ્ફી અથવા તો ફોટો અપલોડ કરે તેવો આગ્રહ કર્યો હતો.

**નોંધ :** આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **'જીતશે ગુજરાત-હારશે કોરોના'**નો વિજયમંત્ર આપ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે નિમણૂક

ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રી **ડૉ. હર્ષવર્ધન**ની **WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ (Chairman of the WHO Executive Borad)**ના પદે નિમણૂક કરવામાં આવી છે.

- WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે ડૉ. હર્ષવર્ધન **જાપાન**ના **ડૉ. હિરોકી નાકાતાની**નું સ્થાન લેશે.
- આ અંતર્ગત 22 મે 2020ના રોજ ડૉ. હર્ષવર્ધને **WHO**ના **34 સભ્યો**ના બનેલા **એક્ઝિક્યુટિવ બોર્ડ**ના ચેરમેન તરીકેનો પદભાર સંભાળી લીધો છે.

## WHO Executive Board

WHOના કારોબારી બોર્ડમાં **34 સભ્યો** હોય છે.

- World Health Assembly દ્વારા આ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.
- તેમની મુદત **ત્રણ વર્ષ**ની હોય છે.
- અને તેઓ ટેક્નિકલ રીતે **આરોગ્ય** સાથે સંકળાયેલા હોય છે.
- WHOના કારોબારી બોર્ડનું મુખ્ય કાર્ય World Health Assemblyના નિર્ણયો અને નીતિઓનો અમલ કરવાનું તથા તેને સલાહ આપવાનું અને તેના કાર્યોને સરળ બનાવવાનું છે.
- આ બોર્ડની બેઠક વર્ષમાં **ઓછામાં ઓછી બે વખત** મળે છે.
- જેમાંથી સામાન્ય રીતે દર વર્ષે **જાન્યુઆરી** મહિનામાં આ બોર્ડની **મુખ્ય** બેઠક મળે છે.
- અને બીજી બેઠક મે મહિનામાં World Health Assemblyની બેઠક મળે તે પછી તરત જ મળતી હોય છે.

**નોંધ :** (1) 19 મે 2020ના રોજ મળેલી 194 દેશોની World Health Assembly એ કારોબારી બોર્ડમાં ભારતના પ્રતિનિધિની વરણી અંગેની દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) WHOની કારોબારી બોર્ડના **147મા સત્ર**ની વર્ચ્યુઅલ બેઠકમાં ડાૅ. હર્ષવર્ધનની વર્ષ **2020-21** માટે **WHOના** કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે નિમણૂક કરવામાં આવી

## WHO

**WHOનું** પૂરું નામ **World Health Organisation** છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી **યુનાઈટેડ નેશન્સ**ની એક વિશેષ એજન્સી છે.
- **7 એપ્રિલ, 1948**ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક **સ્વિટ્ઝર્લેન્ડ**ના **જીનેવા** ખાતે આવેલું છે.

**નોંધ :** WHOના વર્તમાન (21 મે 2020ની સ્થિતિએ) **8મા** અધ્યક્ષ અથવા તો Director General **શ્રી ટેડરોસ અધનમ** છે.

World Health Organization

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં દર વર્ષે 'આતંકવાદ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે **(B)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે **(B)**

3. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી કરવામાં આવ્યો છે ?
(A) 2020 (B) 2019 (C) 2018 (D) 2017 **(A)**

4. યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2020માં કેટલામા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**

5. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે **(B)**

6. 20 મે 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં COVID-19 વિરુદ્ધ જનજાગૃતિ કેળવવા કયું અભિયાન લોન્ચ કર્યું હતું ?
(A) હું છું કોરોના વોરિયર (B) હું પણ કોરોના વોરિયર
(C) હું કોરોના વોરિયર (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

7. 'હું પણ કોરોના વોરિયર' અભિયાન અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના નાગરિકોને ત્રણ સંકલ્પો લેવા માટે અનુરોધ કર્યો હતો....આ ત્રણ સંકલ્પોમાં નીચેનામાંથી કયા સંકલ્પનો સમાવેશ થતો નથી ?
(A) હું મારા વૃદ્ધ વડીલો તથા બાળકોને ઘરની બહાર નહિ નીકળવા દઉં.
(B) હું મારા વૃદ્ધ વડીલોને નિયમિત આયુર્વેદિક ઉકાળો આપીશ.
(C) હું માસ્કનો અવશ્ય ઉપયોગ કરીશ અને કામ વગર ઘરની બહાર નહિ નીકળું.
(D) હું દો ગજની દૂરી – સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીશ. **(B)**

8. 'હું પણ કોરોના વોરિયર' અભિયાન અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના નાગરિકોને કયો વિજયમંત્ર આપ્યો હતો ?
(A) ભાગશે કોરોના, જીતશે ગુજરાત (B) જીતશે ગુજરાત, ભાગશે કોરોના
(C) હારશે કોરોના, જીતશે ગુજરાત (D) જીતશે ગુજરાત, હારશે કોરોના **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પીયુષ ગોયેલ (B) શ્રી પ્રકાશ જાવડેકર
(C) શ્રી હર્ષવર્ધન (D) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન **(C)**

10. ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની કોના સ્થાને WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે નિમણૂક કરવામાં આવી છે ?
(A) ડૉ. નાકાતાની નીજોમી (B) ડૉ. નીજોમી નાકાતાની
(C) ડૉ. જુજોની નાકાતાની (D) ડૉ. હિરોકી નાકાતાની **(D)**

11. ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની કઈ સંસ્થાના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે વરણી કરવામાં આવી છે ?
(A) WEF (B) IMF (C) World Bank (D) WHO **(D)**

12. ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે...WHOના કારોબારી બોર્ડના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેમાં 34 સભ્યો હોય છે.
2. આ બોર્ડના સભ્યોની મુદત 3 વર્ષની હોય છે.
3. આ બોર્ડના સભ્યો ટેક્નિકલ રીતે આરોગ્ય સાથે સંકળાયેલા હોય છે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

ICE FOR COMPETITIVE EXAMS

## 22 MAY, 2020 FRIDAY

### ➢ દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 20 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ 22 મે, 1992ના રોજ પસાર કરવામાં આવેલા નૈરોબી એક્ટનું પાલન કરવાનું તથા જૈવ વિવિધતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ અગાઉ વર્ષ 2010ને જૈવ વિવિધતા વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.

- વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ "Our Solutions are in nature' (આપણા ઉકેલો પ્રકૃતિમાં છે) છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 22 મેને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાની કરવામાં આવેલી જાહેરાત અગાઉ દર વર્ષે 29 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવતી હતી.

## ➤ સુપર સાયકલોનિક તોફાન 'અમ્ફાન' (Amphan)થી ભારતના પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વ્યાપક નુકસાન



20 મે 2020ના રોજ ભારતના પશ્ચિમ બંગાળ પર ત્રાટકેલા ચક્રવાતી તોફાન 'અમ્ફાન'થી વ્યાપક નુકસાન થયું છે.

- 20 મે 2020ના રોજ પશ્ચિમ બંગાળના ઈસ્ટ મિદનાપુર જિલ્લાના સુંદરવન પાસે આવેલા દિઘાના દરિયા કિનારાને આ તોફાન સ્પર્શ્યું ત્યારે 190 કિમીની ઝડપથી પવન ફૂંકાતો હતો.
- જ્યારે આ ચક્રવાતને કારણે ભારતના ઓડિશામાં 107 કિમી ઝડપથી પવનો ફૂંકાયા હતા. અને ભારે વરસાદ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ ચક્રવાતથી નુકસાન

સુપર સાયકલોનિક તોફાન 'અમ્ફાન'થી વિશ્વના ત્રણ દેશોમાં કુલ 128 લોકોનાં મોત થયા હતા.

- જેમાં સૌથી વધુ ભારતમાં 98, બાંગ્લાદેશમાં 26 અને શ્રીલંકામાં 4 લોકોનાં મૃત્યુ થયા હતા.

### 'અમ્ફાન'થી મૃત્યુ

| ક્રમ | દેશ | મૃત્યુ |
|---|---|---|
| 1 | ભારત | 98 |
| 2 | બાંગ્લાદેશ | 26 |
| 3 | શ્રીલંકા | 04 |
| | કુલ | 128 |

### અમ્ફાનથી ભારતમાં નુકસાન

આ ચક્રવાતથી ભારતમાં પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વ્યાપક નુકસાન થયું હતું.

- જેમાં ભારતમાં સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં આ ચક્રવાતથી ઓછામાં ઓછા 86 લોકોનાં મોત થયા હતા.

- અને હજારો મકાનો, વૃક્ષો અને વીજ થાંભલાઓ ધ્વસ્ત થયા હતા.
- આ ચક્રવાતને કારણે ભારતમાં સૌથી વધુ પશ્ચિમ બંગાળ અને ઓડિશા ઉપરાંત કેરળ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં પણ કેટલેક અંશે નુકસાન થયું છે.

## આ ચક્રવાતને કારણે સહાય

અમ્ફાન ચક્રવાતને કારણે ભારતના પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં થયેલા વ્યાપક નુકસાનને કારણે 22 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ બંને રાજ્યોની મુલાકાત લીધી હતી.

- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પશ્ચિમ બંગાળની મુલાકાત ભારતમાં લાદવામાં આવેલા લોકડાઉન બાદ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લીધેલી દિલ્હી બહાર કોઈ રાજ્યની પ્રથમ મુલાકાત હતી.
- તેમની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળ માટે રૂ. 1000 કરોડ અને ઓડિશા માટે રૂ. 500 કરોડની તાત્કાલિક સહાયની જાહેરાત કરી હતી.
- આ ઉપરાંત તેમણે આ બંને રાજ્યોમાં મૃતકોના પરિવારજનો માટે રૂ. 2 લાખની અને ગંભીર ઈજાગ્રસ્તો માટે રૂ. 50,000ની સહાયની જાહેરાત કરી હતી.

**નોંધ :** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં મૃતકોના પરિવારજનો માટે રૂ. 2.5 લાખની સહાયની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાત અમ્ફાન

અમ્ફાન ચક્રવાત બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલું એક શક્તિશાળી ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.

- આ ચક્રવાત ગંગા ડેલ્ટામાં 2007માં ઉદ્‌ભવેલા સિદ્ર (Sidr) બાદ સૌથી શક્તિશાળી ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.
- જ્યારે આ ચક્રવાત 1999માં ઓડિશા પર ત્રાટકેલા સુપર સાયકલોનિક તોફાન બાદ બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલું પ્રથમ સુપર સાયકલોનિક તોફાન હતું.
- આ ઉપરાંત અમ્ફાન ચક્રવાત એ વર્ષ 2020ના ઉત્તર હિંદમહાસાગરના ચક્રવાતના મોસમનું પ્રથમ ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.

**નોંધ :** (1) 1999માં ઓડિશામાં ત્રાટકેલા સુપર સાયકલોનિક તોફાનથી 9000થી 10,000 લોકોનાં મોત થયા હતા.

(2) 13 મે 2020ના રોજ ભારતમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી દક્ષિણ–પૂર્વમાં 1020 કિમી દૂર બંગાળની ખાડીમાં 'અમ્ફાન' ચક્રવાતનો ઉદ્‌ભવ થયો હતો.

## અમ્ફાન ચક્રવાતની કેટેગરી

IMD અથવા તો India Meteorological Department અનુસાર અમ્ફાન ચક્રવાત જ્યારે સૌથી વધુ શકિતશાળી હતું ત્યારે તેને "Super Cyclonic Storm" (સુપર ચક્રવાતી તોફાન)નું સ્વરૂપ ધારણ કર્યું હતું.

- જે ઉષ્ણકટિબંધીય ચક્રવાતોના વર્ગીકરણ માટે IMD દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ કેટેગરીમાંથી ચક્રવાતની સર્વોચ્ચ અથવા તો સૌથી વધુ શક્તિશાળી કેટેગરી છે.
- જ્યારે SSHS અથવા તો Saffir-Simpson Hurricane Scale અનુસાર અમ્ફાન ચક્રવાત એ 5 નંબરની કેટેગરીનું (Category 5નું) ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.

## અમ્ફાન ચક્રવાતનું નામ

તાજેતરમાં ઉદ્દભવેલા ચક્રવાત 'અમ્ફાન'નું નામ થાઈલેન્ડ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણકટિબંધિય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે અને આ લિસ્ટ પ્રમાણે જે તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધિય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ/India Meteorologycal Department (IMD/RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ એમ કુલ 8 દેશો દ્વારા સૂચિત 64 નામોનું એક લિસ્ટ બનાવવામાં આવ્યું છે.
- આ લિસ્ટમાંથી ઉત્તરહિંદ મહાસાગરમાં ઉદ્દભવતા ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્દભવેલ ચક્રવાત 'અમ્ફાન'નું નામ થાઈલેન્ડ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.
- જે ઉપરોક્ત 8 દેશો દ્વારા વર્ષ 2004થી 2020 માટે જાહેર કરવામાં આવેલી 64 નામોની યાદીમાંનું અંતિમ નામ હતું.
- આથી, ઉત્તર હિંદ મહાસાગરમાં હવે પછી ઉદ્દભવ પામનાર ચક્રવાતને વર્ષ 2020થી અમલમાં આવનાર નવી 64 નામોની યાદીમાંથી પ્રથમ નામ 'નિસર્ગ' (Nisarga) રાખવામાં આવશે.

List of Northern Indian Ocean tropical cyclone names (2004–2020)

| List | Contributing nation | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Bangladesh | India | Maldives | Myanmar | Oman | Pakistan | Sri Lanka | Thailand |
| 1 | Onil | Agni | Hibaru | Pyarr | Baaz | Fanoos | Mala | Mukda |
| 2 | Ogni | Akash | Gonu | Yemyin | Sidr | Nargis | Rashmi | Khai-Muk |
| 3 | Nisha | Bijli | Aila | Phyan | Ward | Laila | Bandu | Phet |
| 4 | Giri | Jal | Keila | Thane | Murjan | Nilam | Viyaru | Phailin |
| 5 | Helen | Lehar | Madi | Nanauk | Hudhud | Nilofar | Ashobaa | Komen |
| 6 | Chapala | Megh | Roanu | Kyant | Nada | Vardah | Maarutha | Mora |
| 7 | Ockhi | Sagar | Mekunu | Daye | Luban | Titli | Gaja | Phethai |
| 8 | Fani | Vayu | Hikaa | Kyarr | Maha | Bulbul | Pawan | Amphan |

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે **(C)**

2. વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ શું છે ?
(A) જૈવ વિવિધતા અને ક્લાયમેટ ચેન્જ
(B) જૈવ વિવિધતા : બધા માટે ખોરાક, પાણી અને આરોગ્ય
(C) અમારી જૈવ વિવિધતા, અમારો ખોરાક, અમારું આરોગ્ય
(D) આપણા ઉકેલો પ્રકૃતિમાં છે **(D)**

3. મે 2020 દરમિયાન બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલા કયા સુપર સાયક્લોનિક ચક્રવાતથી ભારતના પૂર્વ ભાગના કેટલાક રાજ્યોમાં વ્યાપક નુકસાન થયું હતું ?
(A) નિસર્ગ (B) નિવાર (C) અમ્ફાન (D) ગતિ **(C)**

4. મે 2020 દરમિયાન બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલા 'અમ્ફાન' નામના ચક્રવાતથી ભારતમાં સૌથી વધુ મૃત્યુ કયા રાજ્યમાં થયા હતા ?
(A) કેરળ (B) તમિલનાડુ (C) ઓડિશા (D) પશ્ચિમ બંગાળ **(D)**

5. મે 2020 દરમિયાન 'અમ્ફાન' ચક્રવાતથી ભારતમાં સૌથી વધુ નુકસાન કયા બે રાજ્યોમાં થયું હતું ?
(A) પશ્ચિમ બંગાળ અને ઓડિશા (B) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ
(C) પશ્ચિમ બંગાળ અને કેરળ (D) પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અમ્ફાન' ચક્રવાતથી પ્રભાવિત પશ્ચિમ બંગાળ માટે તાત્કાલિક કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી ?
(A) રૂ. 500 કરોડ (B) રૂ. 1000 કરોડ
(C) રૂ. 1500 કરોડ (D) રૂ. 2000 કરોડ **(B)**

7. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અમ્ફાન' ચક્રવાતથી પ્રભાવિત ઓડિશા માટે તાત્કાલિક કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી ?
(A) રૂ. 500 કરોડ (B) રૂ. 1000 કરોડ
(C) રૂ. 1500 કરોડ (D) રૂ. 2000 કરોડ **(A)**

8. તાજેતરમાં ભારતના પશ્ચિમ બંગાળ અને ઓડિશા પર ત્રાટકેલું અમ્ફાન ચક્રવાત કયું ચક્રવાત હતું ?
(A) ઉપોષ્ણકટિબંધીય ચક્રવાત (B) ઉષ્ણકટિબંધીય ચક્રવાત
(C) શીતકટિબંધીય ચક્રવાત (D) શીતોષ્ણકટિબંધીય ચક્રવાત **(B)**

9. તાજેતરમાં ભારતમાં પશ્ચિમ બંગાળ અને ઓડિશા પર ત્રાટકેલું 'અમ્ફાન' ચક્રવાત IMD અથવા તો Indian Meteorological Department અનુસાર કઈ કેટેગરીનું ચક્રવાત હતું ?
(A) સુપર ચક્રવાતી તોફાન (B) ખૂબ જ ગંભીર ચક્રવાત
(C) ચક્રવાતી તોફાન (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

10. SSHS અથવા તો સફિર–સિમ્પ્શન હરિકેન સ્કેલ અનુસાર 'અમ્ફાન' કઈ કેટેગરીનું ચક્રવાત હતું ?
(A) કેટેગરી 2 (B) કેટેગરી 3 (C) કેટેગરી 4 (D) કેટેગરી 5 **(D)**

11. તાજેતરમાં ઉદ્દભવેલ 'અમ્ફાન' ચક્રવાતનું નામ કયા દેશ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું ?
(A) બાંગ્લાદેશ (B) નેપાળ (C) થાઈલેન્ડ (D) ભૂટાન **(C)**

12. તાજેતરમાં ભારતમાં ત્રાટકેલા 'અમ્ફાન' ચક્રવાતનો ઉદ્દભવ કયાં થયો હતો ?
(A) અરબ સાગર (B) દક્ષિણ હિંદ મહાસાગર
(C) ખંભાતનો અખાત (D) બંગાળની ખાડી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 23 MAY, 2020 SATURDAY

### ➢ દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day)

### ➢ પાકિસ્તાનમાં એરબસ A320 (Airbus A320) નામનું પેસેન્જર વિમાન ક્રેશ થતાં 97 લોકોનાં મોત

22 મે 2020ના રોજ પાકિસ્તાનમાં એરબસ A320 (Airbus A320) નામનું એક પેસેન્જર વિમાન ક્રેશ થતાં ઓછામાં ઓછા 97 લોકોનાં મોત થયા છે.

- પાકિસ્તાનમાં ક્રેશ થયેલું આ વિમાન 'પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન' (PIA)નું હતું.
- પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈનની ફ્લાઈટ 8303 તરીકે ઓળખાતું આ વિમાન પાકિસ્તાનના કરાચી પાસે મોડલ કોલોનીમાં તૂટી પડ્યું હતું.
- આ વિમાન પાકિસ્તાનમાં લાહોરથી કરાચી જઈ રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.
- 22 મે 2020ના રોજ પાકિસ્તાનના લાહોર ખાતે આવેલા અલામા ઈકબાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ કરાચીના જિન્નાહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરે તે અગાઉ જ કરાચીના જિન્નાહ એરપોર્ટ નજીક આ વિમાન તૂટી પડ્યું હતું.

### ➢ ભારતમાં રેપો રેટમાં 0.40 ટકાનો ઘટાડો, રેપો રેટ વર્ષ 2000 પછીની સૌથી નીચી સપાટીએ

RBI ગવર્નર શ્રી શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં મુંબઈ ખાતે મળેલી RBIની મોનેટરી પોલિસીની બેઠકમાં 22 મે 2020ના રોજ ભારતમાં રેપો રેટમાં 0.40 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

- આથી, ભારતમાં રેપો રેટનો દર 4.40 ટકાથી ઘટીને 4.00 ટકા થઈ ગયો છે.
- જે વર્ષ 2000 પછીનો ભારતનો સૌથી નીચો રેપો રેટ છે.
- ભારતમાં રિવર્સ રેપો રેટમાં પણ 0.40 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.
- આ સાથે જ ભારતમાં રિવર્સ રેપો રેટ 3.75 ટકાથી ઘટીને 3.35 ટકા થઈ ગયો છે.

**RBI બેન્ક વ્યાજદરમાં ફેરફાર**

| ક્રમ | ઈન્ડીકેટર્સ | વ્યાજ દર નવો (ટકામાં) | વ્યાજ દર જૂનો (ટકામાં) |
|---|---|---|---|
| 1 | Repo Rate | 4.00 | 4.40 |
| 2 | Reverse Repo Rate | 3.35 | 3.75 |

**RBI મોનેટરી પોલિસીના છમાંથી પાંચ સભ્યો Repo Rateમાં ઘટાડો કરવાના મુદ્દે સહમત હતા.**

- આથી, Repo Rateમાં ઘટાડાનો આ નિર્ણય **5 વિરુદ્ધ 1 સભ્ય**ની મંજૂરીથી લેવામાં આવ્યો છે.

**નોંધ :** (1) RBI અન્ય બેન્કોને જે દરે લોન આપે છે. તે દરને **Repo Rate** કહે છે.

(2) RBI અન્ય બેન્કો પાસેથી જે દરે નાણાં લે છે તે દર **Reverse Repo Rate** તરીકે ઓળખાય છે.

## ➤ કોરોના મહામારીથી લોકોને રાહત આપવા બેન્કના હપ્તા ભરવામાં વધુ ત્રણ માસની RBIની રાહત

22 મે 2020ના રોજ RBI ગવર્નર **શ્રી શક્તિકાંત દાસે** ભારતમાં **ટર્મ લોન**ના **EMI** પરના **મોરેટોરિયમ**ને વધુ **3 મહિના** લંબાવવાની જાહેરાત કરી છે.

- કોરોના મહામારી દરમિયાન ભારતમાં લાદવામાં આવેલા લોકડાઉનને કારણે સર્જાયેલી આર્થિક સંકટની સ્થિતિમાં 27 માર્ચ 2020ના રોજ RBI દ્વારા **1 માર્ચથી 31 મે 2020** સુધીના **માર્ચ, એપ્રિલ અને મે** માસ દરમિયાન **EMI** ચૂકવવામાંથી લોન ધારકોને રાહત આપવામાં આવી હતી.
- આ રાહત હવે **વધુ ત્રણ માસ માટે** એટલે કે **31 ઓગસ્ટ 2020** સુધી લંબાવવામાં આવી છે.
- આથી, ભારતમાં હવે **જૂન, જુલાઈ અને ઓગસ્ટ 2020** દરમિયાન પણ લોન ધારકોને લોનના હપ્તા ચૂકવવામાંથી મુક્તિ મળશે.
- જોકે, આ માટે તેમને વ્યાજ ચૂકવવાનું રહેશે.
- RBIના આ નિર્ણયથી લોકડાઉનમાં આર્થિક સંકટનો સામનો કરી રહેલા લોનધારકોને મોટી રાહત થશે. તેમને વધુ 3 મહિના સુધી હોમ લોન, કોર્પોરેટ લોન, પર્સનલ લોન, કાર લોન, ઓટો લોન વગેરેના EMI ભરવામાંથી મુકિત મળશે.
- આ ત્રણ મહિના EMIની ચૂકવણી નહિ કરવા પર કસ્ટમરની ક્રેડિટ હિસ્ટ્રી પર પણ કોઈ જ અસર નહિ થાય. લોનધારક ડિફોલ્ટર ગણાશે નહીં. અને તેના પર દંડાત્મક પગલાં પણ લેવાશે નહિ.

**નોંધ :** (1) **EMI** એટલે દર મહિને નિયમિત રીતે આવતો બેન્કનો હપ્તો. **EMIનું પૂરું** નામ **Equated Monthly Installment** છે.

(2) **Term Loan** એટલે એવી લોન કે જે ચોક્કસ મુદત માટે લેવામાં આવી હોય. આવી લોનની ચૂકવણી નક્કી કરેલા હપ્તા અથવા તો EMI સ્વરૂપે કરવામાં આવે છે.

(3) **Moratorium** એટલે **મુકિત સમય** અથવા તો **EMI હોલિડે.** મોરેટોરિયમ પિરિયડ દરમિયાન લોન ધારકને કેટલાક સમય માટે EMI ચૂકવવામાંથી મુકિત મળે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## RBIના કેટલાક અન્ય અગત્યના નિર્ણયો

કોરોના લોકડાઉનને કારણે ભારતમાં સર્જાયેલા આર્થિક સંકટને હળવું કરવા માટે RBI દ્વારા કેટલાક અન્ય અગત્યના નિર્ણયો પણ કરવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે છે :

(1) કંપનીઓને વર્કિંગ કેપિટલના વ્યાજની ચૂકવણીમાં વધુ 3 મહિનાની રાહત.

- ભારતમાં આ અગાઉ માર્ચ મહિનામાં કંપનીઓને વર્કિંગ કેપિટલ પરના વ્યાજની ચૂકવણીમાં 3 મહિનાની રાહત આપવામાં આવી હતી. આ રાહત હવે વધુ 3 મહિના માટે એટલે કે 31 ઓગસ્ટ 2020 સુધી લંબાવવામાં આવી છે.
- અને કંપનીઓ વ્યાજમાં મળેલી આ રાહતને એક અલગ લોન તરીકે હપ્તામાં ચૂકવી શકશે.

(2) ભારતમાં કોર્પોરેટ લોનની મર્યાદા 25 ટકાથી વધારીને હવે 30 ટકા કરવામાં આવી છે.

(3) નિકાસકારોનો ક્રેડિટ પિરિયડ 12 મહિનાથી વધારી 15 મહિના કરવામાં આવ્યો છે.

(4) એક્ઝિમ બેન્કને રૂ. 15,000 કરોડની લાઈન ઓફ ક્રેડિટ પૂરી પાડવામાં આવી છે.

**નોંધ :** (1) કંપનીઓ તેમની રોજિંદી જરૂરિયાતો માટે જે લોન લે છે તે લોન સામાન્ય રીતે વર્કિંગ કેપિટલ લોન તરીકે ઓળખાય છે.

(2) RBI ગવર્નર શ્રી શક્તિકાંત દાસે આપેલી માહિતી અનુસાર કોરોના મહામારીને કારણે નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં GDP વૃદ્ધિ દર નેગેટિવ રહેવાની સંભાવના છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. 'વિશ્વ કાચબા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 21 મે (B) 22 મે (C) 23 મે (D) 24 મે — (C)

2. મે 2020 દરમિયાન કયા દેશના રેસિડેન્ટ વિસ્તારમાં એરબસ A320 નામનું પ્લેન ક્રેશ થતાં આશરે 97 લોકોનાં મોત થયા હતા ?
   (A) ઈરાન (B) અફઘાનિસ્તાન (C) ઝિમ્બાબ્વે (D) પાકિસ્તાન — (D)

3. પાકિસ્તાનના કયા વિસ્તારમાં એરબસ A320 નામનું પ્લેન ક્રેશ થતાં આશરે 97 લોકોના મોત થયા હતા ?
   (A) કરાચી પાસેના મોર્ડન કોલોની વિસ્તારમાં
   (B) કરાચી પાસેના મોડલ કોલોની વિસ્તારમાં
   (C) કરાચી પાસેના ગાર્ડન કોલોની વિસ્તારમાં
   (D) કરાચી પાસેના મોગલ કોલોની વિસ્તારમાં — (B)

4. તાજેતરમાં પાકિસ્તાનમાં કયાંથી કયાં જઈ રહેલું ફ્લાઈટ 8303 તરીકે ઓળખાતું વિમાન તૂટી પડતાં આશરે 97 લોકોનાં મોત થયા હતા ?

(A) રાવલપીંડીથી લાહોર
(B) લાહોરથી કરાચી
(C) ઈસ્લામાબાદથી કરાચી
(D) કરાચીથી લાહોર

**(B)**

5. પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈનની ફ્લાઈટ 8303 તરીકે ઓળખાતું વિમાન ક્રેશ થતાં 97 લોકોનાં મોત થયા હતા...આ વિમાને કયાંથી ઉડાન ભર્યા બાદ આ દુર્ઘટના સર્જાઈ હતી ?

(A) જિન્નાહ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લાહોર
(B) મુલતાન ઈન્ટરનેશનલ એરપોર્ટ, લાહોર
(C) બેનઝિર ભુટ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ, લાહોર
(D) અલામા ઈકબાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લાહોર

**(D)**

6. 22 મે 2020ના રોજ ભારતમાં રેપો રેટમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?

(A) 0.25 ટકા (B) 0.40 ટકા (C) 0.50 ટકા (D) 0.75 ટકા

**(B)**

7. 22 મે 2020ના રોજ ભારતમાં રિવર્સ રેપો રેટમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?

(A) 0.25 ટકા (B) 0.40 ટકા (C) 0.50 ટકા (D) 0.75 ટકા

**(B)**

8. ભારતમાં વર્તમાન સમયે (23 માર્ચ 2020ની સ્થિતિએ) રેપો રેટનો દર કેટલા ટકા છે ?

(A) 3.60 (B) 4.00 (C) 4.40 (D) 4.80

**(B)**

ICE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

ICE DAILY doseના Questions

ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો




Click Here To

DOWNLOAD

9. વર્તમાન સમયે (23 માર્ચ 2020ની સ્થિતિએ) ભારતમાં રિવર્સ રેપો રેટનો દર કેટલા ટકા છે ?
(A) 3.85 (B) 3.75 (C) 3.65 (D) 3.35 **(D)**

10. 22 મે 2020ના રોજ RBI દ્વારા ભારતમાં ટર્મ લોન માટેનો મોરેટોરિયમ પિરિયડ વધુ કેટલા મહિના માટે લંબાવવામાં આવ્યો છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(B)**

11. 22 મે 2020ના રોજ RBI દ્વારા ભારતમાં ટર્મ લોન માટેનો મોરેટોરિયમ પિરિયડ ક્યાં સુધી લંબાવવામાં આવ્યો છે ?
(A) 31 જુલાઈ (B) 31 ઓગસ્ટ (C) 30 સપ્ટેમ્બર (D) 31 ઓક્ટોબર **(B)**

12. 22 મે 2020ના રોજ RBI દ્વારા ભારતમાં ટર્મ લોન માટેનો મોરેટોરિયમ પિરિયડ અથવા તો ટર્મ લોનના EMIની ચૂકવણી વધુ કયા ત્રણ મહિના માટે લંબાવવામાં આવી છે ?
(A) એપ્રિલ, મે, જૂન (B) મે, જૂન, જુલાઈ
(C) જૂન, જુલાઈ, ઓગસ્ટ (D) જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર **(C)**

13. EMIનું પૂરું નામ શું છે ?
(A) Equal Monthly Installment
(B) Equated Monthly Installment
(C) Economic Monthly Installment
(D) Economy Monthly Installment **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. 27 મે 2020ના રોજ ભારતમાં RBI દ્વારા કંપનીઓના વર્કિંગ કેપિટલના વ્યાજની ચૂકવણીમાં વધુ કેટલા મહિનાની રાહત આપવામાં આવી છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(B)**

15. 27 મે 2020ના રોજ RBI દ્વારા ભારતમાં કોર્પોરેટ લોનની મર્યાદા વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 35 ટકા **(C)**

16. 27 મે 2020ના રોજ RBI દ્વારા ભારતમાં નિકાસકારોનો ક્રેડિટ પિરિયડ વધારીને કેટલા મહિના કરવામાં આવ્યો છે ?
(A) 10 (B) 12 (C) 15 (D) 20 **(C)**

17. 27 મે 2020ના રોજ RBI દ્વારા એક્ઝિમ બેન્કને કેટલા રૂપિયાની લાઈન ઓફ ક્રેડિટ પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 15,000 કરોડ
(C) રૂ. 20,000 કરોડ (D) રૂ. 25,000 કરોડ **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ અમદાવાદના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે શ્રી મુકેશ કુમારની નિમણૂક

ગુજરાત સરકાર દ્વારા **અમદાવાદ** શહેરના નવા **મ્યુનિસિપલ કમિશનર** તરીકે શ્રી મુકેશ કુમારની નિમણૂક કરવામાં આવી છે. શ્રી મુકેશ કુમાર **ગુજરાત મેરીટાઈમ બોર્ડ**ના વાઈસ ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા, અને થોડા સમય અગાઉ તેમની **શ્રી વિજય નહેરા**ની જગ્યાએ અમદાવાદના કાર્યકારી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જોકે હવે **શ્રી વિજય નહેરા**ને **ગ્રામ વિકાસ કમિશનર** બનાવવામાં આવ્યા છે, અને તેમના સ્થાને શ્રી મુકેશ કુમારને ફુલટાઈમ માટે અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જયારે શ્રી મુકેશ કુમારના સ્થાને **સુશ્રી અવંતિકા સિંઘ**ને ગુજરાત મેરીટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત સેન્સર અધારિત મોનિટરિંગ સિસ્ટમનું નેતૃત્વ કરશે

ભારતમાં કેન્દ્ર સરકારના **જળ જીવન મિશન** અંતર્ગત **ગુજરાત સરકાર** દ્વારા ગુજરાતના **ગ્રામીણ વિસ્તારો**માં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે **સેન્સર આધારિત સર્વિસ ડિલિવરી મોનિટરિંગ સિસ્ટમ**નો અમલ કરવામાં આવશે. જોકે, ગુજરાતના **બે જિલ્લાઓમાં** પ્રાયોગિક ધોરણે આ પ્રોજેકટ પહેલેથી જ કાર્યરત છે. ભારતમાં **'જળ જીવન મિશન'** અંતર્ગત કેન્દ્ર સરકારે વર્ષ **2024** સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને **નળ દ્વારા પીવાનું પાણી** ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખ્યું છે. જોકે, **ગુજરાત સરકારે સપ્ટેમ્બર, 2022** સુધીમાં 100 ટકા કવરેજનું લક્ષ્ય રાખ્યું છે.

# ભારત

## ➤ ભારતના કાલાપાની, લિંપિયાધુરા અને લિપુલેખને નેપાળે પોતાના નક્શામાં સમાવી લેતા વિવાદ

19 મે, 2020ના રોજ **નેપાળ** દ્વારા પોતાનો નવો રાજકીય નક્શો જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નકશામાં તિબેટ, ચીન અને નેપાળની સરહદે આવેલા **ભારત**ના **કાલાપાની, લિંપિયાધુરા અને લિપુલેખ** નામના વિસ્તારોનો સમાવેશ કરીને આ વિસ્તારો નેપાળના હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આથી આ અંગે વિવાદ સર્જાયો છે. તાજેતરમાં 7 મે, 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે ઉત્તરાખંડના ધારચૂલાને** ચીનની સરહદ સુધી જોડતા **80 કિમી** લંબાઈના **ધારચૂલા-લિપુલેખ** માર્ગનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ નેપાળે આ વિસ્તાર પોતાનો હોવાનો ગણાવીને આ અંગે વિરોધ કર્યો હતો. અને હવે તેણે આ વિસ્તારોનો પોતાના નકશામાં સમાવેશ કર્યો છે. જોકે આ વિસ્તારો ભારતના ઉત્તરાખંડનો એક ભાગ છે અને **ભારતના ઉત્તરાખંડ**માં આ વિસ્તારો આવેલા છે.

## ➤ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત કોરોના મહામારી વિશેના સંશોધિત પુસ્તકનું વિમોચન

મે 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રી** શ્રી રમેશ પોખરિયાલ ‘નિશંકે’ કોરોના મહામારી અંગેના **સાત પુસ્તકો**ની એક સીરિઝનું ઈ–વિમોચન કર્યું છે. **Psycho-Social Impact of Corona Pandemic and the Ways to Cope with** (એટલે કે **કોરોના મહામારીની સામાજિક માનસિક અસરો અને તેનો સામનો કરવાની રીતો**) અંગે જુદા–જુદા સાત શીર્ષકોથી લખાયેલા આ પુસ્તકોનું પ્રકાશન **નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા** દ્વારા કરવામાં આવ્યું છે.

## ➤ તેલંગાણાના તેલિયા રૂમાલ અને ઝારખંડની સોહરાઈ ખોવર પેઈન્ટિંગને GI ટેગ આપવામાં આવ્યો

ભારત સરકાર દ્વારા તાજેતરમાં **તેલંગાણા**ના **પુટ્ટુપકા તેલિયા રૂમાલ**ને **GI ટેગ** આપવામાં આવ્યો છે. આ રૂમાલ **કપાસ**ના કાપડ પર જટિલ હસ્તકળા કારીગરી દ્વારા બનાવવામાં આવે છે. આ રૂમાલની ડિઝાઈન સફેદ, કાળા અને લાલ એમ ત્રણ રંગોની મદદથી બનાવવામાં આવે છે. **તેલંગાણાના પુટ્ટુપકા તેલિયા રૂમાલ** ઉપરાંત તાજેતરમાં ભારતમાં **ઝારખંડ**ની **સોહરાઈ ખોવર પેઈન્ટિંગ**ને પણ GI ટેગ આપવામાં આવ્યો છે. ઝારખંડના **હજારીબાગ** જિલ્લામાં **આદિવાસી મહિલાઓ** દ્વારા દોરવામાં આવતી આ પરંપરાગત ચિત્રકલા છે. ખાસ કરીને લગ્ન અને લણણીની સિઝનમાં આ પેઈન્ટિંગ તૈયાર કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E...

## વિશ્વ

### ➤ COVID-19 લોકડાઉન બાદ શરૂ થનારી વિશ્વની પ્રથમ રમતગમત સ્પર્ધા 'બુંડેસલીગા'

મે 2020 દરમિયાન જર્મનીમાં બુંડેસલીગા ફૂટબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો છે. આ સાથે જ બુંડેસલીગા COVID-19 લોકડાઉન બાદ શરૂ થયેલી વિશ્વની પ્રથમ મોટી રમતગમત સ્પર્ધા બની ગઈ છે. 'બુંડેસલીગા' જર્મનીની લોકપ્રિય પ્રોફેશનલ ફૂટબોલ ક્લબ છે. તેની સ્થાપના 1963માં થઈ હતી.

ICE ? Questions

- અમદાવાદ શહેરના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
  – શ્રી મુકેશ કુમાર
- અમદાવાદ શહેરના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નહેરાની નિમણૂક કયા કમિશનર તરીકે કરવામાં આવી છે ? – ગ્રામ વિકાસ કમિશનર
- ગુજરાત મેરીટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
  – સુશ્રી અવંતિકા સિંઘ
- જળ જીવન મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે ભારતના કયા રાજ્ય દ્વારા સેન્સર આધારિત સર્વિસ ડિલિવરી મોનિટરિંગ સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવશે ? – ગુજરાત
- ભારતમાં 'જળ જીવન મિશન' અંતર્ગત કેન્દ્ર સરકારે ભારતના તમામ ગ્રામીણ પરિવારોને કયાં સુધીમાં નળ દ્વારા પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખ્યું છે ? – 2024
- કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંકે' કઈ સંસ્થા દ્વારા સાત ભાગોમાં પ્રકાશિત કોરોના મહામારી વિશેના સંશોધિત પુસ્તકનું ઈ–વિમોચન કર્યુ છે? – નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા
- ભારતના કયા રાજ્યના તેલિયા રૂમાલ અથવા તો પુટ્ટપકા તેલિયા રૂમાલને GI ટેગ આપવામાં આવ્યો છે?
  – તેલંગાણા
- ભારતના કયા રાજ્યની સોહરાઈ ખોવર પેઈન્ટિંગને GI ટેગ આપવામાં આવ્યો છે ?
  – ઝારખંડ
- COVID-19 લોકડાઉન બાદ શરૂ થયેલી વિશ્વની પ્રથમ મોટી રમતગમત સ્પર્ધા કઈ છે ?
  – બુંડેસલીગા
- COVID-19 લોકડાઉન બાદ સૌપ્રથમ કયા દેશમાં બુંડેસલીગા નામની વિશ્વની મોટી રમતગમત સ્પર્ધાનો પ્રારંભ થયો છે ? – જર્મની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતના NSA શ્રી અજિત ડોભાલની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવેલા એક ગુપ્ત મિશન બાદ ભારતના કયા પાડોશી દેશે ભારતને 22 જેટલા ઉગ્રવાદીઓ સોંપ્યા છે ? –મ્યાનમાર
(મ્યાનમારે પૂર્વોત્તર ભારતના 22 ઉગ્રવાદીઓ ભારતને સોંપ્યા છે)

2. કયા દેશે ભારતને 200 વેન્ટિલેટર્સ ગિફ્ટમાં આપવાની જાહેરાત કરી છે ? –અમેરિકા
(અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે આ જાહેરાત કરી હતી. આ જાહેરાત અનુસાર અમેરિકા 2.6 મિલિયન ડોલરના ખર્ચે 200 વેન્ટિલેટર્સ ભારતને ગિફ્ટમાં આપશે)

3. 16 મે, 2020ના રોજ ભારતના કયા રાજ્યમાં ઓરૈયા જિલ્લામાં બે ટ્રક વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 24 જેટલા પરપ્રાંતિય શ્રમિકોના મોત થયા હતા ? –ઉત્તરપ્રદેશ

4. ભારતમાં લાદવામાં આવેલું લોકડાઉન 4.0 કેટલા દિવસનું હતું ? – 14 દિવસ
(ભારતમાં 18 મે થી 31 મે, 2020 દરમિયાન આ લોકડાઉન લાદવામાં આવ્યું હતું )

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ લિપુલેખ, લિંપિયાધુરા અને કાલાપાની વિસ્તારો ભારતના કયા રાજ્યમાં આવેલા છે ? – ઉત્તરાખંડ

6. નેપાળ સાથેના વિવાદને કારણે ચર્ચામાં રહેલ કાલાપાની વિસ્તાર ઉત્તરાખંડના કયા જિલ્લામાં આવેલો છે ? – પિથોરગઢ

7. ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા ગુજરાતમાં બાંધકામ પ્રોજેકટો પૂરા કરવાની સમય મર્યાદા કેટલા સમય માટે લંબાવવામાં આવી છે ? – 6 મહિના
(કેન્દ્ર સરકારના આ નિર્ણયને પગલે ગુજરાત સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે)

8. કયા દેશોમાં કંપની સામે 16 થી 19 હજાર જેટલા કેસો કરવામાં આવતા જહોન્સન એન્ડ જહોન્સન કંપનીએ એ દેશોમાં પોતાના બેબી ટેલ્કમ પાઉડરનું વેચાણ બંધ કરી દીધું છે ?
– અમેરિકા અને કેનેડા

9. ભારતની કઈ ફાર્મા કંપનીએ તેણે ઉત્પાદિત કરેલી સૌપ્રથમ 30,000 COVID Kavach Elisa Test Kit ICMRને ફ્રીમાં આપી છે ? – ઝાયડસ કેડિલા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. તાજેતરમાં કયા દેશે ઈબ્રાહીમ ઝુબૈર નામનો અલકાયદાનો એક મોટો આતંકી ભારતને સોંપ્યો છે ? – અમેરિકા
11. ચીનની કંપનીઓને કયા દેશના શેરબજારમાં ડિલિસ્ટેડ કરવા માટેનું એક બીલ એ દેશની સંસદમાં પસાર કરવામાં આવ્યું છે ? – અમેરિકા
12. વર્ષ 2020માં ચીન દ્વારા પોતાના સંરક્ષણ બજેટમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ? – 6.6 ટકા
13. 17 મે, 2020ના રોજ ઉજવાયેલ વર્ષ 2020ના 'વર્લ્ડ હાયપરટેન્શન દિવસ'ની થીમ શું હતી ? – Measure Your Blood Pressure, Control it, Live Longer
14. મે 2020 દરમિયાન WHOની વર્લ્ડ હેલ્થ એસેમ્બલી (WHA)ના કેટલામા સત્રનું વર્ચ્યુઅલ આયોજન થયું હતું ? – 73મા
15. મે 2020 દરમિયાન યોજાયેલા વર્લ્ડ હેલ્થ એસેમ્બલી (WHA)ના 73મા સત્રમાં COVID-19નો સામનો કરવા માટે વિકાસશીલ દેશોની મદદ કરવા માટે કયા દેશે 2 બિલિયન ડોલરના ફંડની જાહેરાત કરી છે ? – ચીન
16. તાજેતરમાં કોની અધ્યક્ષતામાં રચાયેલી નિષ્ણાતોની સંરક્ષણ સંબંધિત સમિતિની ભલામણોમાંથી કેન્દ્ર સરકારે ત્રણ ભલામણોનો સ્વીકાર કર્યો છે ? – લેફ્ટનન્ટ જનરલ ડી.બી. શેકતકર
17 તાજેતરમાં શ્રી થોમસ થાબેને કયા દેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે ? – લેસોથો
18. Indian Steel Association (ISA)ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી દિલિપ ઓમન (Arcelor Mittal Nippon Steel Indiaના CEO)
19. ભારતમાં પ્રવાસી શ્રમિકોને રોજગારી આપવા માટે કયા રાજ્યની સરકારે SIDBI સાથે ભાગીદારી કરીને સ્ટાર્ટ અપ ફંડનો પ્રારંભ કર્યો છે ? – ઉત્તરપ્રદેશ
20. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વરિષ્ઠ નાગરિકો માટેની કઈ સામાજિક યોજનાનો સમયગાળો 3 વર્ષ માટે વધારવામાં આવ્યો છે ? – પ્રધાનમંત્રી વય વંદના
(વર્ષ 2017માં શરૂ થયેલી આ યોજનાને માર્ચ, 2023 સુધી લંબાવવામાં આવી છે)
21. ભારતમાં કેન્દ્ર સરકારે કયા પ્રસિદ્ધ સૂર્ય મંદિરને સંપૂર્ણ રીતે સૌર ઊર્જા સંચાલિત બનાવવાની યોજના બનાવી છે ? – કોણાર્ક સૂર્ય મંદિર, ઓડિશા
(કેન્દ્ર સરકારે ઓડિશાના કોણાર્ક સૂર્ય મંદિર અને કોણાર્ક શહેરના સંપૂર્ણ સોલરાઈઝેશનની યોજના બનાવી છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

22. વિશ્વના કયા દેશે 'ઓપન સ્કાય સંધિ'માંથી અલગ થવાનો નિર્ણય કર્યો છે ? – અમેરિકા
(1 જાન્યુઆરી, 2002ના રોજ અમલમાં આવેલી આ સંધિમાં અમેરિકા, રશિયા, ગ્રીસ, જર્મની અને ફ્રાન્સ સહિત કુલ 35 દેશો જોડાયેલા છે)

23. લોકડાઉન બાદના ત્રણ મહિના માટે ભારતમાં ઘરેલુ વિમાન ઉડાનોનું ભાડું કોના દ્વારા નક્કી કરવામાં આવશે ? – કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય

24. તાજેતરમાં જ શ્રી દેવેશ રોયનું નિધન થયું છે... તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સાહિત્ય
(શ્રી દેવેશ રોય પ્રસિદ્ધ બંગાળી લેખક હતા. તેમણે બંગાળના અનેક સમાચાર પત્રોમાં લેખો લખ્યાં છે. તેમની 'Teesta Parer Brittanta' નવલકથા માટે તેમને 1990માં સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો)

25. યુનેસ્કો દ્વારા દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ' (International Day of Light) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 16 મે

26. 16 મેના રોજ ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ ઉજવાય છે ? – સિક્કિમ
(16 મે 1975ના રોજ સિક્કિમની સ્થાપના થઈ હતી)

27. તાજેતરમાં યોજાયેલી WHOની વર્લ્ડ હેલ્થ એસેમ્બલીની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું ? – ડૉ હર્ષવર્ધન

28. પ્રવાસી શ્રમિકો માટે ભારતના કયા રાજ્યની પોલીસ દ્વારા 'ચરણ પાદુકા' નામથી એક પહેલ શરૂ કરવામાં આવી છે ? – મધ્યપ્રદેશ
(મધ્યપ્રદેશ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલ અંતર્ગત મધ્યપ્રદેશમાંથી પસાર થતા શ્રમિકોને જૂતા અને ચંપલ પહેરાવવામાં આવે છે)

29. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 મેના રોજ 'વિશ્વ મધમાખી દિવસ' ઉજવાય છે.... વર્ષ 2020ની 'વિશ્વ મધમાખી દિવસ'ની થીમ શું છે ? – Save the Bees (મધમાખીઓને બચાવો)

30. પેલેસ્ટાઈનના શરણાર્થીઓના કલ્યાણમાં મદદ માટે ભારતે 19 મે 2020ના રોજ સંયુકત રાષ્ટ્ર અને રાહત અને નિર્માણ એજન્સી (UNRWA)માં કેટલા રૂપિયાની સહાય આપી છે ? – 2 મિલિયન ડોલર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT